ગાંધી ગ્રંથમાળા મણકો ૪

નીતિધર્મ અથવા ધર્મનીતિ

અને

સર્વોદય.

લખનાર

[redacted]

આવૃત્તિ પહેલી. સને ૧૯૨૨

૨૦૦૦ સંવત ૧૯૭૮

પ્રગટકર્તા

ગાંડીવ સાહિત્ય મન્દિર

કેળવણીપીઠ-સુરત.

કિમ્મત ચાર આના. પાકું પૂઠું છ આના.

ગાંડીવ સાહિત્ય મન્દિર—સુરત

તરફથી

[illegible] થયેલાં પુસ્તકો.

ગાંધી ગ્રંથમાળા.

૧	ગાંધીજીનો જેલનો અનુભવ (સચિત્ર બીજી આવૃત્તિ તૈયાર થાય છે)	૦—૬—૦
૨	શિવદયાળની શોધ	૦—૧—૬
૩	ઈજીપ્તનો ઉદ્ધારક વગેરે	૦—૬—૦
૪	નીતિધર્મ અથવા ધર્મનીતિ	૦—૪—૦

ગાંડીવ પત્રિકામાળા.

૧	રેંટિયા પુરાણ	૦—૧—૦
૨	ગાંડીવ ગીતા (ખલાસ છે)	મફત
૩	ભારત કીર્તન (ખલાસ છે)	૦—૦—૯
૪	ભારત ભક્તિ (આવૃત્તિ બીજી)	૦—૦—૯
૫	ગાંધીજીની દિવ્યવાણી	૦—૧—૦

રાષ્ટ્રીય સ્ત્રીસાહિત્યમાલા

૧	રાષ્ટ્રીય ગરબાવળિ	૦—૧—૬

ગાંડીવ સાહિત્ય મન્દિરના સ્થાયી સભાસદ થવાના નિયમોનું પત્રક મંગાવીને તેનો લાભ લ્યો.

સુરત બરાનપુરી ભાગોળે આવેલા " અનાવિલ " પ્રિ. પ્રેસમાં ગોવિન્દજી ડાહ્યાભાઈ નાયકે છાપ્યું અને ગાંડીવ સાહિત્ય મન્દિર વતી તેના વ્યવસ્થાપક ઇશ્વરલાલ મૂળચંદ વીમાવાળાએ (કેળાંપીઠ [illegible]) [illegible]ટ કર્યું.

બે બોલ

ગાંધી ગ્રંથમાળાનો ત્રીજો મણકો "હજીમનો ઉદ્ધારક તથા બીજા લેખો" આશરે બે માસ પર બહાર પડયા બાદ આ ચોથા મણકા રૂપે ગાંધીજીના સ્વહસ્તે લખેલા બે અતિ સુન્દર અમૂલ્ય લેખો ગુજરાતને ચરણે ધરતાં આનંદ થાય છે.

નીતિધર્મ અથવા ધર્મનીતિ વાળો લેખ પ્રથમ આફ્રિકાવાળા ઇંડિયન ઓપિનિયનમાં છપાઇ ત્યાં જે પુસ્તકરૂપે બહાર પડેલો તેની આ અક્ષરશઃ પુનરાવૃત્તિ છે.

સર્વોદય વાળો લેખ પણ પ્રથમ આફ્રિકામાંજ છપાયેલો; ત્યાર બાદ સત્યાગ્રહ વખતે ઇ. સ. ૧૯૧૯ માં મુંબાઇમાં તેની આવૃત્તિ થઇ હતી. ભાઇ ઇન્દુલાલ યાજ્ઞિકે એમાંના ટુકડાઓ હિન્દસ્વરાજની સાથે છપાવ્યા છે, પરન્તુ સંપૂર્ણ સર્વોદયની પુનરાવૃત્તિની ગુજરાતને જરૂર હતી. નીતિધર્મ અને સર્વોદય એ બેમાં વાંચનારને તુરતજ દેખાઇ આવશે તેમ વિષયનું સરખાપણું છેજ. આથી એ બંન્નેને જોડી તેનું એક પુસ્તક કરવામાં જરાયે વાંધા જેવું લાગ્યું નથી.

અત્યારે ગુજરાતી ભાષામાં નીતિ તથા ધર્મ વિષેના ઉચ્ચ કોટીના વિચારોના વિવરણ વાળું એકે સારૂં પુસ્તક ધ્યાનમાં નથી; તે વખતે આ પુસ્તક તેની ખોટ પૂરશે એમ આશા રહે છે.

આશા છે કે ગુજરાત આ પુસ્તકને આવકાર આપશે.

વ્યવસ્થાપક.

"નીતિધર્મ"ની મૂળ પ્રસ્તાવના.

આજકાલ દુનિયામાં પાખંડ વધી ગયો છે. ગમે તે ધર્મનો માણસ હોય તે ધર્મનું ઉપરટપકું રૂપ માત્ર વિચારે છે; અને પોતાની ખરી ફરજ ચૂકી જાય છે. પૈસાનું અત્યંત સેવન કરવામાં બીજા માણસોને શું દુઃખ પડે છે, અથવા તો પડશે તેનો ખ્યાલ આપણે ભાગ્યે કરીએ છીએ. અત્યંત કોમળ નાનાં પ્રાણીઓને મારી જો કોમળ મોજાં બની શકે, તો તેનાં મોજાં પહેરવામાં યૂરોપની અબળાઓ જરાયે આનાકાની કરતી નથી. મિ. રોકફેલર કે જે દુનિયામાં તવંગર માણસોમાં પહેલી પાયરી ઉપર ગણાય છે તેણે પૈસો એકઠો કરતાં નીતિના ઘણા કાનૂનો નો ભંગ કર્યો છે એ વાત જગતપ્રસિદ્ધ છે. આમ ચોમેર જોવાથી યૂરોપ તથા અમેરિકામાં ઘણા માણસો ધર્મની વિરૂધ્ધ થઇને બેઠા છે તેઓ એમ દલીલ કરે છે કે જો દુનિયામાં કોઇ પણ ધર્મ હોય તો જે દુરાચરણ વધી પડયું છે તે વધવું જોઇએ નહિ. આ વિચાર ભૂલભરેલો છે માણસના હમ્મેશના મહાવરા મુજબ પોતાનો વાંક ન વિચારી પોતે હથિયારને દોષ આપે છે, તેમ માણસો પોતાની દુષ્ટતાનો વિચાર ન કરતાં ધર્મજ ખોટો એમ કહી સ્વચ્છંદપણે જેમ ફાવે તેમ વર્તે છે, અને રહે છે. આવું જોઇને હાલ અમેરિકા તથા યૂરોપમાં ઘણા માણસો નીકળ્યા છે કે જેઓ આમ બધા ધર્મનો નાશ થાય તો દુનિયાને મોટું નુકસાન પહોંચશે, અને લોકો નીતિના રસ્તા છોડી દેશે એવી ધાસ્તીથી (તેઓ) જુદે જુદે રસ્તે લોકોને નીતિ પર લાવવા મથી રહ્યા છે. એવી એક મંડળી નીકળી છે કે જેણે બધા ધર્મોનું સંશોધન

કરીને એવી હકીકત રજૂ કરી છે કે બધા ધર્મ નીતિ તો શીખવે છેજ. એટલુંજ નહિ પણ તે ધર્મોનો આધાર ઘણે ભાગે નીતિના નિયમો ઉપરજ રહે છે. અને માણસ અમુક ધર્મ માને અથવા તો ન માને તો પણ તેણે નીતિના નિયમો પાળવા એતો તેની ફરજ છે અને નીતિના નિયમો નહિ પાળી શકાય તો તેવા માણસો આ દુનિયામાં કે પર દુનિયામાં પોતાનું કે બીજાનું સારૂં કરી શકવાના નથી. જેઓ પાખંડ મતોને લઇને ધર્મ માત્રને તિરસ્કારની નજરથી જોય છે, તેવા માણસને પહોંચી વળવું એવો આ મંડળીનો હેતુ છે. તેઓ બધા ધર્મોનો સાર કાઢી તેમાંથી માત્ર નીતિના વિષયોજ ચર્ચે છે. આવા મતને તેઓ **નીતિધર્મ** અથવા " એથીકલ રિલિજીયન " એવું નામ આપે છે. આ મંડળીનું કામ કોઇ પણ ધર્મનુ ખંડન કરવાનું નથી. તે મંડળીમાં ગમે તે ધર્મના માણસો દાખલ થઇ શકે છે અને થાય છે. તે મંડળીનો લાભ એ મળે છે કે તેવા માણસો પોતાના ધર્મને વધારે વળગી રહે છે, અને તેમાં જે નીતિની બાબત શિક્ષણ હોય છે તેની ઉપર વધારે ધ્યાન દે છે. માણસે નીતિ જાળવવી. અને તેમ ન થાય તો દુનિયામાં બંધારણ તૂટશે અને છેવટે મહાન નુકસાન થશે એમ તેઓ દૃઢ મનથી માને છે મિ. સૉલ્ટર કરીને અમેરિકાના વિદ્વાન ગૃહસ્થ છે તેણે એક પુસ્તક બહાર પાડયું છે કે જે ઘણું ખૂબીદાર છે, તેમાં ધર્મની ચર્ચા જરાયે નથી, પણ તેમાંનો બોધ બધા માણસોને લાગુ પડી શકે છે. એ પુસ્તકના લખનારની બાબત એટલુંજ કહેવાની જરૂર છે કે જેટલું કરવાની સલાહ તે આપણને આપેછે તેટલું તે પોતે કરે છે. અમે વાંચનારની પાસે એટલું માંગીએ છીએ કે જે કંઇ પણ નીતિવચન તેને ખરા લાગે તે પ્રમાણે વર્તવા તેણે પ્રયત્ન કરવો, તો અમારો આ પ્રયાસ અમે સફળ થયો ગણીશું.

નીતિધર્મ

અથવા

ધર્મનીતિ.

પ્રકરણ ૧ લું.

શરૂઆત.

જેથી આપણે સારા વિચારો ઉપર આવી શકીએ છીએ તે આપણી નીતિનું ફળ છે એમ ગણાય. દુનિયામાં સાધારણ શાસ્ત્રો દુનિયા કેવી છે તે બતાવે છે નીતિનો માર્ગ દુનિયા કેવી હોવી જોઇએ તે બતાવનાર છે. એ માર્ગ વડે માણસે કેમ વર્તવું એ જાણી શકાય છે. માણસના મનની અન્દર હમ્મેશાં બે બારીઓ રહેલી છે; એકમાંથી પોતે કેવો છે તેને જોઇ શકે છે અને બીજી બારીએથી તે કેવો હોવો જોઇએ તેનો તે ખ્યાલ આણી શકે છે, શરીર મગજ અને મન એ બધા નોખા નોખા તપાસવા એ આપણું કામ છે, પણ તેટલેથી અટકી જઇએ તો એવું જ્ઞાન મેળવ્યા છતાં આપણે કાંઇ ફાયદો લઇ શકતા નથી. અન્યાય દુષ્ટતા અભિમાન વિગેરેથી શું પરિણામ આવે છે, અને જ્યાં એ ત્રણ વસ્તુ હોય ત્યાં કેવી ખરાબી થાય છે, એ જાણવાની ઘણુ જરૂર છે. અને

જાણવાથીજ બસ નથી; પણ જાણ્યા પછી તે પ્રમાણે કરવાનું છે. નીતિનો વિચાર તે આર્કીટેક્ટના નકશાની માફક છે. તે નકશો ઘર કેમ બનાવવું તે બતાવે છે. પણ જેમ ચણતર કર્યું હોય તો નકશો નકામો થઇ પડે છે, તેમ નીતિવિચાર પ્રમાણે આચરણ ન કર્યું હોય તો નીતિનો વિચાર નકશાની જેમ કામ વગરનો થાય છે. ઘણા માણસો નીતિનાં વચનો યાદ કરે છે, તે વિષે ભાષણો કરે છે, પણ તે પ્રમાણે ચાલતા નથી અને ચાલવા માંગતા પણ નથી. કેટલાક વળી એમજ માને છે કે નીતિના વિચારો અમલમાં લાવવા તે આ દુનિયામાં નહિ પણ મરણ પછી પરદુનિયામાં. આ કાંઇ વખાણવા લાયક વિચાર ગણાય નહિ. એક વિચારવાન માણસે કહ્યું છે કે જો આપણે સંપૂર્ણ થવું હોય તો આપણે આજથીજ ગમે તે દુઃખ સહન કરીને નીતિ પ્રમાણે ચાલવાનું છે. આપણે આવા વિચારોથી ભડકી જવાનું નથી. પણ આપણી જવાબદારી સમજી તે પ્રમાણે વર્તવામાં ખુશી થવાનું છે. મોટો યોધ્ધો પેમ-બ્રોક જ્યારે એબેરાકની લડાઇ વખતે લડાઇ બાદ અર્લડારબીને મળ્યો, ત્યારે અર્લડારબીએ તેને ખબર આપ્યા કે લડાઇ જીતાઇ ગઇ છે. એ ખબરથી પેમબ્રોક બોલી ઉઠ્યો, " તમે મારી તરફ વિનય નથી વાપર્યો. મને જેનું માન મળત તે તમે મારા હાથમાંથી છીનવી લીધું છે. મને લડાઇમાં બોલાવ્યો તો પછી મારા આવવા પહેલા લડાઇ લડવી ન હતી. " આમ, જ્યારે જવાબદારી લેવાની હોંશ નીતિમાર્ગમાં માણસને થાય ત્યારેજ તે તે રસ્તામાં ચાલ્યા જશે.

ખુદા અથવા ઇશ્વર સર્વ શક્તિમાન છે, સંપૂર્ણ છે, તેની

સરલતાનો, તેની દયાનો, તેના ન્યાયનો પાર નથી. જો એમ હોય તો આપણે જેઓ તેના બંદાં ગણાઇએ તેઓ નીતિ માર્ગ તો કેમજ છોડી શકીએ ? નીતિનું આચરણ ચાલનાર નિષ્ફળ થાય તેમાં કંઈ નીતિનો વાંક નથી. પણ જેઓ નીતિભંગ કરે છે તેઓએ પોતાના ઉપર વાંક ઢોળવાનો છે.

નીતિમાર્ગમાં નીતિ જાળવીને તેનો બદલો મેળવવાની વાત આવતીજ નથી. માણસ કંઇ ભલું કરે છે તો તે શાબાશી ખાટવાને સારૂ નહિ. તે ભલું કર્યા વિના નહિ રહી શકે. તેને સારૂ ખોરાક અને ભલાઈ એ બન્નેની સરખામણી કરતાં ભલાઇ એ ઉંચા પ્રકારનો ખોરાક છે. અને જો ભલાઇ કરવાની,-તેવા માણસને, બીજો કોઇ માણસ તક આપે તો તક આપનાર માણસનો, ભલાઇ કરનાર આભારી બને છે, જેમ ભૂખ્યો અન્ન આપનારને દુઆ દે છે તેમ.

આવા નીતિ માર્ગની વાત કરતાં સાર ઉપરટપકે માણસાઇ મેળવવી એવો તે માર્ગ નથી. તેનો અર્થ એમ નથી કે આપણે જરા વધારે મહેનતુ થવું, વધારે કેળવણી લેવી. વધારે સ્વચ્છ રહેવું, વિગેરે. એ બધું તો તેમાં આવે છે પણ એતો માત્ર આપણે સરહદ ઉપરજ પહોંચ્યા જેવું થયું, એ શિવાય ઘણું આ માર્ગની અન્દર માણસે કરવું રહ્યું છે, અને તે બધું તેની ફરજ રૂપે તેવો તેનો સ્વભાવ છે તેમ સમજીને. નહિ કે તેમ કરવાથી તેને નફો ખાટવાનો છે તેથી.

પ્રકરણ બીજું.

ઉત્તમ નીતિ.

નીતિ વિષેના ચાલતા વિચારો ભારે નહિ કહેવાય. કેટલાક એમ માને છે કે નીતિની બહુ દરકાર નથી. કેટલાક વળી એમ માને છે કે ધર્મને તથા નીતિને સંબંધ નથી. પણ દુનિયામાં ધર્મો તપાસતાં દેખાઈ આવે છે કે નીતિ વિના ધર્મ નભી શકે નહિ. ખરી નીતિમાં ધર્મનો સમાવેશ ઘણે ભાગે થઇ જાય છે. જેઓ પોતાના સ્વાર્થને અર્થે નહિ પણ નીતિને ખાતર નીતિના નિયમો જાળવે છે તેઓને ધાર્મિક ગણી શકાય. રશિયામાં એવા માણસો છે કે જે દેશના ભલા ખાતર પોતાની જીંદગી અર્પણ કરે છે. આવા માણસો નીતિવાળા સમજવા. જેરેમી બેન્થમ જેણે ઇંગ્લેંડને સારૂ ઘણા સરસ કાયદાના નિયમો શોધી કાઢ્યા, જેણે ઇંગ્રેજી પ્રજામાં કેળવણી ફેલાવવાનો મોટો પ્રયાસ કર્યો, અને જેણે કેદીઓની સ્થિતિ સુધારવામાં જબરદસ્ત ભાગ લીધો તે પુરૂષ નીતિવાન ગણી શકાય.

વળી ખરી નીતિનો એ નિયમ છે કે આપણે જાણતા હોઇએ તે માર્ગ લેવો એટલું બસ નથી, પણ જે માર્ગ ખરો છે એમ આપણે જાણતા હોઇએ તે માર્ગથી આપણે વાકેફ હોઇએ અથવા નહિ, તો પણ આપણે તે લેવો જોઇએ. એટલે કે જ્યારે આપણે જાણતા હોઇએ, કે અમૂક માર્ગ ખરો છે, ત્યારે આપણે નિર્ભય થઇ તેમાં ઝંપલાવવાનું છે. એવી નીતિ જળવાય, તોજ આપણે આગળ વધી શકીએ છીએ. એટલે નીતિ તથા ખરો સુધારો અને ખરી ચડતી તે હમેશા એક સાથે જોવામાં આવે છે.

આપણી ઇચ્છાઓ તપાસીશું, તો પણ આાગળ જોઇશું, કે જે વસ્તુ આપણી પાસે હોય છે તે લેખાપણું રહેતું નથી જે ચીજ આપણી પાસે નથી હોતી તેની કિમ્મત આપણે સદાય વધારે ગણીએ છીએ. પણ ઇચ્છા તે બે પ્રકારની છે. એક તો, આપણા પોતાનો સ્વાર્થ સાધવાની. આવી ઇચ્છા પાર પાડવાનો પ્રયત્ન કરવો તેનું નામ અનીતિ. બીજા પ્રકારની ઇચ્છાઓ એ છે કે આપણે હમ્મેશાં સારા થવા તરફ અને પારકાનું ભલું કરવા તરફ વલણ રાખીએ છીએ. આપણે જે સારૂં કરીએ તેથી કદિ છલકાઇ જવાનું નથી. તેની કિમ્મત આપણે કરવાની નથી પણ વધારે સારા થવાની અને વધારે સારૂં કરવાની ઇચ્છાઓ નિરંતર કર્યા કરવી અને ઇચ્છાઓ પાર પાડવાને કરેલું વર્તન તેનું નામ ખરી નીતિ.

આપણી પાસે ઘરબાર ન હોય તેમાં કાંઇ શરમાવા પણું રહેતું નથી. પણ ઘરબાર હોય તેનો ગેરઉપયોગ કરીએ, ધંધો મળે તેમાં લુચ્ચાઇ કરીએ તો આપણે નીતિનો માર્ગ ચૂકીએ છીએ. જે આપણે કરવું ઘટે છે તે કરવું તેમાં નીતિ રહેલી છે. આમ નીતિની જરૂર છે તે કેટલાક દાખલા વડે આપણે સાબીત કરી શકીએ છીએ. જે પ્રજા અથવા કુટુંબમાં અનીતિનાં બીજ જેવાંકે, કુસંપ, અસત્ય વિગેરે જોવામાં આવે છે તે કુટુંબો પડી ભાંગ્યાં છે. વળી ધંધા રોજગારનો દાખલો લઇએ તો આપણે જોઇશું કે એવો માણસ એક નહિ જોવામાં આવે કે જે એમ કહેશે કે સત્યતા નહિ જાળવવી. ન્યાય અને ભલાઇ એ કંઇ બહારથી નથી થઇ શકતી, પણ તે આપણામાંજ રહેલ છે. ચારસેં વરસ પહેલાં યૂરોપમાં બહુ અન્યાય અને અસત્ય પ્રબળ

હતાં અને તે વખત એવો હતો કે એક ઘડીભર માણસો શાંતિમાં રહી શકતા નહતા. આમ બનવાનું કારણ એ હતું કે લોકોમાં નીતિ નહતી. બધા નીતિના નિયમોનું દોહન કરીએ તો એમ જોઇશું કે માણસ જાતનું ભલું કરવાનો પ્રયાસ કરવો એજ ઉંચી નીતિ છે. એ ચાવીથી નીતિ રૂપી પેટીને ખોલી જોતાં નીતિના બીજા નિયમો આપણને તેમાં મળી આવશે.

આ નિબંધોની નીચે અમે ગુજરાતી કવિઓ અથવા ઉર્દૂ કવિઓનાં કાવ્યો કે જે નીતિના નિયમોની સાથે સંબંધ રાખનાર છે તે ચુંટણી કરીને આપતા જઇશું, એવી ઉમેદથી કે તેનો લાભ અમારા બધા વાંચનારાઓ લેશે અને અમારા જુવાન વાંચનારાઓ તે કાવ્યે મોંઢે પણ કરશે. પહેલી શરૂઆત મિ મલબારીના પુસ્તક “ આદમ અને તેની દુનિયા ” માંથી કરીએ છીએ.

ક્યું મુસ્તાક હોકે તું ફિરતા બિરાદર ?
અયે દાના, તવાના, હોનાર તમે હાજર.
ચલે ગયે બડે બિલસૂફ્ફાં પહેલવાનાં;
અરે દોસ્ત દાના, તું હોગા દિવાના. ૧

ન દાનાકી દાનાઇ હરદમ ટકેગી;
નેકાંકી હરદમ ગુજારેગે નેકી.
ફિરે યારી હરદમ ને દેતા જમાના;
અરે દોસ્ત દાના, તું હોગા દિવાના. ૨

કુવત પીલતનકા તું લેકે ફિરેગા;
જમાના અચાનક શિકસ્ત આકે દેગા;

અકલકી નકલ બેઅકલ બસ બનાના,
અરે દોસ્ત દાના તું હોગા દિવાના. ૩

ગુજારે અવલ બચગીકી બાદશાહી;
હોનારત દરદ દેખે જમકી ગવાહી.
બે તાકાત, ફિર રાહ ઉઠાના સોહાના
અરે દોસ્ત દાના, તું હોગા દિવાના. ૪

ન દુનિયામેં તેરા હુવા, કો ન હોગા;
ન તું તેરા હોવે હસેગા વા રોગા;
સિવા પાક દાદાર સબ કોઈ બેગાના;
અરે દોસ્ત દાના, તું હોગા દિવાના. ૫

મલબારી.

પ્રકરણ ત્રીજું

નીતિવાળું કામ તે શું?

અમૂક કામ નીતિવાળું છે, એમ કહી શકાય ? આ સવાલ કરવામાં નીતિવાળા અને અનીતિવાળા કામનો મુકાબલો કરવાનો હેતુ નથી. પણ કાર્યો કે જેની સામે કંઇ કહેવામાં આવતું નથી, અને જે કેટલાક નીતિવાન ગણે છે તે વિષે વિચાર કરવા જેવું છે. આપણે ઘણાં કામોમાં ખસૂસ નીતિનો સમાવેશ થતો નથી. ઘણે ખરે ભાગે આપણે સાધારણ રીત રિવાજ મુજબ વર્તીએ છીએ. આ રૂઢિ પ્રમાણે ચાલવું એ ઘણું વેળા જરૂરનું છે. તેવા નિયમો

બાળવીએ નહિ તો અંધાધુંધી ચાલે અને દુનિયાનો કારભાર બંધ થાય. પણ એમ રૂઢિ મુજબ ચાલવું તેને નીતિનું નામ આપવું એ મુનાસબ નહિ ગણાય.

નીતિવાળું કામ તે આપણું પોતાનું એટલે આપણી ઇચ્છાએ થયેલું હોવું જોઇએ. જ્યાં સુધી સંચાના ભાગની માફક કામ કરીએ ત્યાં સુધી આપણા કામમાં નીતિ આવતી નથી. સંચાના ભાગ તરીકે આપણે કામ કરવું ઘટે અને કરીએ તે વિચાર નીતિવાન છે. કેમકે તેમાં વિવેક બુદ્ધિ આપણે વાપરીએ છીએ. આ સંચાઇ કામ અને તે કામ કરવાનો વિચાર કરવાપણું એ બેમાં ભેદ છે તે ધ્યાનમાં રાખવા જેવો છે. રાજા કોઇનો અપરાધ માફ કરે તે કામ નીતિવાળું હોઇ શકે. પણ માફીની ચિઠ્ઠી લઇ જનાર પટાવાળો રાજાએ કરેલી નીતિમાં સંચાઇ ભાગ છે. પણ પટાવાળો ચિઠ્ઠી લઇ જવી એ પોતાની ફરજ છે એમ જાણીને ચિઠ્ઠી લઇ જાય, તે કામ નીતિવાળું હોઇ શકે છે જે માણસ પોતાની બુદ્ધિ અને મગજ વાપરતો નથી અને પૂરમાં જેમ લાકડું તણાયાં કરે તેમ તણાયો જાય તે માણસ નીતિ કેમ સમજે? કેટલીક વખત રૂઢિની વિરૂદ્ધ થઇ પરમાર્થ કરવાના ઇરાદાથી માણસ કર્મ કરે છે. તેવો મહાવીર વેન્ડલ ફિલિપ્સ હતો. તેણે લોકોની પાસે ભાષણ કરતાં એક વેળા કહ્યું "જ્યાં સુધી તમે તમારા પોતાના વિચાર કરતાં અને જણાવતાં નહિ શીખો ત્યાં સુધી મારે વિષે તમે શું ધારો છો તેની મને ચિંતા નથી." આમ આપણને બધાને આપણું અંતર શું કહે છે તેનીજ દરકાર રહે ત્યારેજ આપણે નીતિને પગથિયે પહોંચ્યા ગણાઇએ. આ સ્થિતિ સર્વના અંતર્યામી ઇશ્વર આપણા બધાં કાર્યનો સાક્ષી

છે, એમ આપણે માનીએ નહિ અને અનુભવીએ નહિ, ત્યાં સુધી આપણને મળનારી નથી.

આ પ્રમાણે કરેલું કામ પોતે સારું છે, એટલું બસ નથી; પણ તે કામ આપણે સારું કરવાના ઇરાદાથી કરેલું હોવું જોઇએ. એટલે કે અમૂક કામમાં નીતિ છે કે નહિ તેનો આધાર કરનારના ઇરાદા ઉપર છે. બે માણસે તેજ કામ કર્યું હોય છતાં એકે કરેલું નીતિવાન ગણાય અને બીજાએ કરેલું નીતિરહિત હોઇ શકે. જેમકે એક માણસ બહુ દયા લાવી ગરીબોને ખોરાક આપે છે. બીજો માન મેળવવાના ઇરાદાથી કે તેવા સ્વાર્થી વિચારથી તેજ કામ કરે છે. બંન્ને કામ એકજ છે છતાં પહેલાએ કરેલું નીતિવાન ગણાય અને બીજાએ કરેલ નીતિરહિત છે. આ ઠેકાણે વાંચનારે નીતિરહિત અને નીતિવાન એ બે શબ્દો વચ્ચે ભેદ છે તે યાદ રાખવાનું છે. એવું પણ બને છે કે નીતિવાળા કામની અસર સારી થયેલી હમ્મેશાં જોઇ શકાતી નથી. આપણે નીતિ વિષે વિચાર કરતાં એટલુંજ જોવાનું છે કે કરેલું કામ તે શુભ છે અને તે શુદ્ધ ઇરાદાથી થયું છે. તેના પરિણામ ઉપર આપણો અંકુશ નથી. ફળદાતા તો એકજ ઇશ્વર છે. શહેનશાહ એલેકઝાંડરને ઇતિહાસકર્તાઓએ મહાન ગણ્યો છે. તે જ્યાં જ્યાં ગયો ત્યાં ગ્રીક કેળવણી હુન્નર રિવાજો વગેરે તેણે દાખલ કર્યાં અને તેનું ફળ આપણે સ્વાદથી ચાખીએ છીએ. પણ એ બધું કરવાનો હેતુ મોટાઇ મેળવવાનો હતો એટલે તેના કામમાં નીતિ હતી એમ કોણ કહી શકશે? તે ભલે મોટો કહેવાયો, પણ નીતિવાન નહિ કહી શકાય.

ઉપરના વિચારોથી સિદ્ધ થાય છે કે નીતિવાળું દરેક કાર્ય

શુભ મરાદાથી થવું જોઇએ, એટલુંજ બસ નથી, પણ તે વગર દબાણથી થવું જોઇએ. હું મારી ઑફીસે મોડો પહોંચું તો મારી નોકરી ખોઇ બેસું, એ ધાસ્તીથી વહેલો ઉઠું તેમાં કશીએ નીતિ રહેલી નથી. તેમજ મારી પાસે દોલત નહિ હોવાથી ગરિબાઇમાં અને સાદાઇમાં રહું તેમાં નીતિ નથી આવતી. પણ હું ધનવાન છતાં વિચારૂં કે મારી આસપાસ દરિદ્રતા અને દુઃખ જોઉં છું, એવે સમયે મારાથી એશઆરામ કેમ ભોગવી શકાય? મારે ગરિબાઇ તથા સાદાઇમાં રહેવુંજ જોઇએ. આમ થયેલી સાદાઈ તે નીતિવાન ગણાય તેમજ નોકરો ભાગી જવાની ધાસ્તીથી તેઓની તરફ દિલસોજી બતાવવી અથવા તેઓને સારો કે વધારે પગાર આપવો તેમાં નીતિ નથી રહેલી. પણ તેનું નામ સ્વાર્થબુદ્ધિ છે હું તેઓનું ભલું ઇચ્છું. અને મારી આબાદીમાં તેઓનો ભાગ છે એમ સમજી તેઓને રાખું તેમાં નીતિ હોઈ શકે. એટલે કે નીતિથી થયેલું કામ વગર જોરાવરીનું અને વગર ભયવાળું હોવું જોઇએ. ઇંગ્લેંડના રાજા બીજા રિચર્ડ જ્યારે તેની પાસે આંખો લાલ કરી ખેડુતો જોરાવરીએ-કેટલાક હકો માંગવા આવ્યા ત્યારે પોતાના હાથે હક-પત્રો લખી આપ્યા. જ્યારે ખેડુતોનો ભય દૂર થયો ત્યાર તે પત્રો જોરજુલમથી પાછા ખેંચી લીધાં, આ કામમાં કોઇ એમ કહે કે રિચર્ડે કરેલું પહેલું કામ તે નીતિવાળું હતું અને બીજું અનીતિવાળું હતું, તો તે ભૂલ છે. રિચર્ડનું પહેલું કામ માત્ર ભયથીજ થયેલું એટલે તેમાં નીતિનો જરાયે અંશ ન હોતો.

જેમ નીતિવાળા કામમાં ભય કે જોરાવરી ન હોવાં જોઇએ, તેમ તેમાં સ્વાર્થ પણ ન હોવો જોઇએ. આમ કહેવાનો હેતુ

એવો નથી કે જે કામોમાં સ્વાર્થ રહેલો છે તે નઠારાં છે, પણ તેવાં કામને નીતિવાન છે એવી ઉપમા આપવી તે નીતિને ઝાંખ પહોંચાડવા જેવું છે. પ્રમાણિકપણું તે સારી "પોલિસિ" છે એમ સમજીને થયેલું પ્રમાણિકપણું લાંબો વખત નભી શકતું નથી. શેક્સપિયર કહે છે કે "જે પ્રીતિ લાભ મળવાની નજરે થયેલી છે તે પ્રીતિ નથી."

જેમ આ દુનિયામાં લાભ મળવાના હેતુથી કરેલું કામ નીતિવાળું નહિ ગણાય તેમ પરદુનિયામાં લાભ મળશે એવી આશાએ થયેલું કામ પણ નીતિરહિત છે. સારૂં કરવું તે સારાનેજ ખાતર એમ સમજીને થયેલ કામ નીતિમાન ગણાય. મહાન ઝેવિયર થઇ ગયો તેણે એવી ઇબાદત કરેલી કે તેને સદાય સ્વચ્છ મન રહે. તેને મન ઇશ્વરભક્તિ તે મરણ પછી સારી દશા ભોગવવાને ખાતર નહિ હતી પણ તેવી ભક્તિ તે માણસનું કર્તવ્ય છે તેથી તે કરતો. મહાન ભક્તાણી થેરિસા પોતાના જમણા હાથમાં મસાલ રાખવાને અને ડાબા હાથમાં પાણીનો ટોપ રાખવા ઇચ્છતી, તે એમ જણાવવા કે મસાલ વડે સ્વર્ગનું સુખ પોતે બાળી નાંખે અને પાણી વડે દોજખનો તાપ ઓલવી નાંખે. જેથી માણસજાત દોજખના ભય વિના ખુદાની ઇબાદત કરે. એમ નીતિ સાચવવી તે મર્દાણીયાનું કામ છે. મિત્રોની સાથે સત્ય બોલવું અને દુસ્મનોને દાગ દેવો તે બાયલાપણું છે. ડરી ડરીને સારૂં કરનારા નીતિ રહિતજ ગણાય. હેનરી ક્લેમેક દયાળુ અને માયાળુ ગણાતો. તેણે પોતાની નીતિનો ભોગ પોતાના લોભને આપ્યો. ડેનિયલ વેસ્ટર એ નરબહાદૂર હતો. તેના વિચારો ગંભીર હતા પણ પૈસાને સારૂ એક વેળા તે નમાલો—

થઇ બેઠો હતો. એક નીચ કામથી પોતાનાં બીજાં સારાં કામ ધોઇ નાંખ્યાં. આ ઉપરથી આપણે જોઇએ છીએ કે માણસની નીતિની પરીક્ષા કરવી તે કઠણ છે કેમકે તેનું મન આપણે પારખી શકતા નથી. તેમજ નીતિવાળું કામ શું એ સવાલ આ પ્રકરણની શરૂઆતમાં કર્યો તેનો જવાબ પણ આપણને મળી ચૂક્યો છે. તે નીતિ કેવા માણસો જાળવી શકશે એ આપણે અનાયાસે જોઇ લીધું.

(ઉપરના વિષયોને લગતું કાવ્ય.)

હરિનો મારગ છે શૂરાનો કાયરનું નહિ કામ જોને;
પરથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને.
સુત વિત્ત દારા શિશ સમર્પે, તે પામે રસ પીવા જોને;
સિંધુ મધ્યે મોતી લેવા, માંહિ પડયા મરજીવા જોને.
મરણ આગમે તે ભરે મુઠ્ઠી, દિલની દુગ્ધા વામે જોને;
તીરે ઉભો જુએ તમાશો, તે કોડી નવ પામે જોને.
પ્રેમ પંથ પાવકની જ્વાળા, ભાળી પાછા ભાગે જોને;
માંહિ પડયા તે મહાસુખ માણે, દેખનારા દાઝે જોને.
માથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહિ સહેલ જોને;
મહાપદ પામ્યા તે નર જીવ્યા, મૂકી મનનો મેલ જોને.

કાવ્યદોહન.

પ્રકરણ ૪ થું.

ઉત્તમ કાયદો શો છે?

કામો સારાં કે નઠારાં છે એ વિષે આપણે હમેશાં અભિપ્રાય આપીએ છીએ. કેટલાંક કામોથી આપણે સંતોષ પામીએ છીએ. અને કેટલાંક આપણને નારાજ કરે છે. અમુક કામ સારૂં છે કે ખરાબ તેનો આધાર તે કામ આપણને લાભકારી છે કે નુકસાનકર્તા છે તેની ઉપર નથી પણ તેની તુલના કરવામાં આપણે જૂદુંજ ધોરણ રાખીએ છીએ. આપણા મનમાં કેટલાક વિચારો રમી રહેલા હોય છે, કે જેને આધારે બીજા માણસોના કામની પરીક્ષા આપણે કરીએ છીએ. એક માણસે બીજા માણસને કાંઇ નુકશાન કર્યું હોય તો તેની અસર આપણી ઉપર થાય અથવા ન થાય તો પણ આપણે તેને નઠારૂં ગણીએ છીએ. કેટલીક વખત નુકસાન કરનાર માણસની તરફ આપણી લાગણી હોય છે તે છતાં તેનું કામ નઠારૂં છે એમ કહેતાં આપણે જરાએ આચકો ખાતા નથી. એમ પણ બને છે કે આપણો અભિપ્રાય કેટલીક વેળા ખોટા પડે છે. માણસોના હેતુ આપણે હમેશાં જોઇ શકતા નથી અને તેથી ખોટી પરીક્ષા કરીએ છીએ, છતાં હેતુના પ્રમાણમાં કામની પરીક્ષા કરવામાં હરકત નથી આવતી કેટલાંક નઠારાં કામોથી આપણે લાભ મેળવીએ છીએ છતાં તે નઠારાં છે એમ આપણે મનમાં તો સમજીએ છીએ.

એટલે એમ સિદ્ધ થયું, કે ખરા ખોટાનો આધાર માણસના સ્વાર્થ ઉપર નથી. વળી તેનો આધાર માણસની ઇચ્છાઓ ઉપર

પણ નથી. નીતિ અને લાગણી વચ્ચે હમ્મેશાં સંબંધ જોવામાં નથી આવતો. બચ્ચાંની ઉપર લાગણીને લીધે આપણે તેને અમૂક વસ્તુ આપવા માંગીએ છીએ, પણ તે વસ્તુને હાનિકારક હોય તો તે આપવામાં અનીતિ છે એમ સમજીએ છીએ. લાગણી બતાવવી એ બેશક સરસ છે. પણ નીતિવિચાર વડે તેની હદ ન બાંધી હોય તો તે ઝેરરૂપ થઇ પડે છે.

આપણે એમ પણ જોઇએ છીએ કે નીતિના નિયમો અચળ છે. મતો ફર્યા કરે છે પણ નીતિ ફરતી નથી. આપણી આંખ ઉઘાડી હોય ત્યારે સુરજ દેખીએ છીએ; બંધ હોય ત્યારે સુરજ નથી દેખાતો. આમાં આપણી નજરમાં ફેરફાર થયો, નહિ કે સુરજના હોવાપણામાં તેમજ નીતિના નિયમો વિષે સમજવું. અજ્ઞાન દશામાં આપણે નીતિ ન સમજી શકીએ, એ બનવા જેવું છે. આપણી જ્ઞાનચક્ષુ જ્યારે ઉઘડે ત્યારે સમજતાં મુસ્કેલી પડતી નથી. માણસો બાગ્યેજ હમ્મેશાં સારા તરફજ નજર રાખે છે તેથી ઘણી વેળા સ્વાર્થની નજરે જોઈ અનીતિને નીતિ કહે છે. એવો વખત તો હજુ હવે આવવાનો છે કે જ્યારે માણસો સ્વાર્થના વિચાર છોડી નીતિવિચાર તરફજ લક્ષ આપશે. નીતિની કેળવણી એજ હજુ તદ્દન બાળપણાની સ્થિતિમાં છે. જેમ બૅકન અને ડાર્વિન પહેલાં શાસ્ત્રની સ્થિતિ હતી, તેવી આજ નીતિની છે. માણસો ખરૂં શું છે તે જોવાને ઇન્તેજાર હતા. તેઓ નીતિ વિષય સમજવાને બદલે પૃથ્વી વિગેરેના નિયમો શોધવામાં રોકાયા હતા. એવો કયો વિદ્વાન આપણા જોવામાં આવ્યો છે કે જેણે ખંતથી દુઃખ વેઠી પોતાના આગલા વહેમોને એક કોરે મૂકી ખરી નીતિ શોધવામાં જીંદગી ગાળી હોય? જ્યારે કુદરતી

શોધ કરનારા માણસોની માફક નીતિની શોધ કરનારાં માણસો ગુપ્તતાન રહેશે ત્યારે એમ માનીએ છીએ કે નીતિ વિષે વિચારો એકઠા જરી શકાશે. શાસ્ત્રના વિચારો વિષે માણસોમાં મતભેદ હજુ ચાલે છે તેટલે દરજ્જે નીતિના નિયમો વિષે થવા સંભવ નથી. છતાં કેટલીક મુદ્દત સુધી આપણે નીતિના નિયમો વિષે એક મત ન ધરાવીએ એવો સંભવ છે. તેનો અર્થ એમ નહિ થયો કે ખરા ખોટાનો ભેદ સમજાય તેવું નથી.

ત્યારે આપણે જોયું કે માણસોના મન અને ઇચ્છાઓથી અલગ એવું કાંઇક નીતિનું ધોરણ છે તેને આપણે કાયદો કહી શકીશું. રાજ્યપ્રકરણી બાબતમાં આપણે કાયદા જોઇએ છીએ ત્યારે નીતિનો પણ કાયદો શું કામ ન હોય? તે કાયદો ભલે માણસલિખિત નથી. માણસલિખિત હોવો પણ ન જોઇએ. અને જો નીતિનો કાયદો છે એમ આપણે કબૂલ કરીએ અથવા માનીએ તો જેમ રાજદ્વારી કાયદાને તાબે આપણે રહેવું પડે છે, તેમ આવા નીતિના કાયદાને તાબે રહેવું તે આપણી ફરજ છે નીતિનો કાયદો તે રાજ્યપ્રકરણી તેમજ ધંધાદારી કાયદાથી "અલગ" તેમ ઉત્તમ છે. ધંધાદારી કાયદા પ્રમાણે ન ચાલતાં હું ગરીબ રહું તેથી શું, એમ મારાથી કે કોઇથી કહી શકાશે નહિ.

એમ નીતિના નિયમ અને દુનિયાદારી નિયમ વચ્ચે મોટો ભેદ છે, કેમકે નીતિનો વાસ આપણા હૃદયમાં છે. અનીતિ આચરતો માણસ પણ પોતાની અનીતિ કબૂલ કરશે. જૂઠું તે સાચું કદિ નહિ થાય. અને જ્યાં પ્રજા બહુ દુષ્ટ હશે ત્યાં પણ જોકે માણસો નીતિના નિયમ નહિ પાળતા હોય, તોપણ તે પાળવાનો

ડોળ ધરાવશે; એટલે કે નીતિ જાળવવી જોઈએ એવું તો તેવા માણસોએ કબૂલ કરવું પડે છે. આવો નીતિનો મહિમા છે. આવી નીતિ તે રીતરિવાજ કે પ્રજામતની દરકાર કરતી નથી. જ્યાં સુધી પ્રજામત અથવા રીતરિવાજ નીતિના નિયમને અનુસરતાં જોવામાં આવે ત્યાં સુધીજ નીતિવાન પુરૂષને તે બંધનકર્તા છે.

આવો નીતિનો કાયદો ક્યાંથી આવ્યો ? એ કંઇ રાજાઓ ઘડતા નથી, કેમકે જુદાજુદા રાજ્યોમાં જુદા જુદા ધારાઓ જોવામાં આવે છે. સોક્રેટીસના વખતમાં જે નીતિ તે સાચવતો હતો તેની વિરૂદ્ધ ઘણા માણસો હતા છતાં જે નીતિ તેની હતી તે સદાય રહેલી છે અને સદાય રહેશે એમ જગત માત્ર કબૂલ કરે છે. અંગ્રેજી કવિ રૉબર્ટ બ્રાઉનિંગ કહી ગયો છે કે કદાચ કોઇ સેતાન દુનિયામાં દ્વેષ અને જૂઠની આણ ફેરવે તો પણ ન્યાય ભલાઈ અને સત્ય તે તો ઇશ્વરીજ રહેવાનાં. એ ઉપરથી એમ કહી શકાય, કે નીતિના કાયદા એ સર્વોપરી છે અને ઇશ્વરી છે.

આવા કાયદાનો ભંગ કોઇ પ્રજા અથવા માણસ છેવટ સુધી કરી શકતા નથી. કહ્યું છે કે જેમ ભયંકર વંટોળીઆ પવન પણ છેવટે ઉડી જાય છે તેમ અનીતિવાન માણસો પણ નાશ પામે છે. ઍસિરિયા અને બેબિલોનમાં જ્યારે અનીતિનો ઘડો ભરાયો કે તેવોજ તે ફૂટ્યો. રોમે જ્યારે અનીતિ પકડી ત્યારે તેના મહાન પુરૂષો તેનો બચાવ નહિ કરી શક્યા ગ્રીસની પ્રજા હુશિયાર હતી છતાં તે હુશિયારી અનીતિને ટકાવી શકી નહિ. ફ્રાન્સમાં બંડ થયું તે પણ અનીતિની સામે. તેમજ અમેરિકામાં ભલો વેન્ડલ ફિલિપ્સ કહેતો, કે અનીતિ રાજ્યગાદીએ બેસતાં પણ ટકવાની નથી. આવો નીતિનો

અદ્દભુત કાયદો જે માણસ પાળે છે તે ચડે છે. જે કુટુમ્બ પાળે છે, તે નભી શકે છે, અને જે મંડળીમાં પાળવામાં આવે છે તે મંડળી વિસ્તાર પામે છે. જે પ્રજા એ ઉત્તમ કાયદો પાળે છે તે સુખ સ્વતંત્રતા અને શાંતિ ભોગવે છે.

(ઉપરના વિષયને લગતું કાવ્ય.)

મન તુંહિ તુહિ બોલેરે, આ સુપના જેવું તન તારૂં;
અચાનક ઉડી જાશે રે, જેમ દેવતામાં દારૂ.

ઝાકળ જળ પળમાં વળી જશે, જેમ કાગળને પાણી;
કાયાવાડી તારી એમ કરમાશે, થઇ જાશે ધૂળધાણી.
પાછળથી પસ્તાશેરે, મિથ્યા કરી મારૂં મારૂં.

કાચનો કુંપો કાયા તારી, વણસતાં ન લાગે વાર.
જીવકાયાને સગાઇ કેટલી, મૂકી ચાલે વનમોઝાર;
ફોકટ ફુલ્યાં ફરવુંરે, ઓચિંતુ થાશે અંધારૂં.

જાયું તે તો સર્વે જવાનું, ઉગરવાનો ઉવારો;
દેવ ગાંધર્વ રાક્ષસને માણસ સહુને મરણનો વારો.
આશાનો મહેલ ઉંચોરે, નીચું આ કાચું કારભારૂં;

ચંચલ ચિત્તમાં ચેતીને ચાલો, બોલો હરિનું નામ.
પરમારથ જે હાથે તે સાથે, કરો રહેવાનો વિશ્રામ;
ધીરો ધરાધરથારે, કોઇ નથી રહેનારૂં.........મન.

કાવ્યદોહન

પ્રકરણ ૫ મું.

નીતિમાં ધર્મ સમાય ?

આ પ્રકરણનો વિષય કાંઇક વિચિત્ર ગણાશે. સામાન્ય વિચાર એવો રહે છે કે નીતિ અને ધર્મ એ જુદા વિષય છે; છતાં નીતિને ધર્મ ગણી વિચાર કરવાનો હેતુ આ પ્રકરણનો છે. આથી કેટલાક વાંચનારાઓ ગ્રંથકારને ગુંચવાડામાં પડેલો ગણશે. એ આરોપ, જેઓ એમ માનશે કે નીતિમાં ધર્મ સમાય નહિ, અને જેઓ એમ માનશે કે નીતિ હોય તો ધર્મની જરૂર નથી, એવા બન્ને પક્ષ મૂકશે. છતાં નીતિ અને ધર્મ વચ્ચે નિકટ સંબંધ છે એવું બતાવવાનો ગ્રંથકારનો નિશ્ચય છે. નીતિધર્મ અથવા ધર્મનીતિ કેળવનારી મંડળીઓ ધર્મને નીતિદ્વારા માને છે.

એમ કબૂલ કરવું જોઇએ કે સામાન્ય વિચારમાં નીતિ વિના ધર્મ હોઇ શકે છે. એવા ઘણા દુરાચરણી પુરૂષો જોવામાં આવે છે કે જેઓ અઘોર કર્મ કરવા છતાં પોતે ધાર્મિક છે, એવો દાંકો ધરાવે છે. તેથી ઉલટા, મરહૂમ મિ બ્રેડલોના જેવા નીતિવાન માણસો પડયા છે. કે જેઓ પોતાને નાસ્તિક મનાવવામાં અભિમાન રાખે છે અને ધર્મનું નામ પડતાં નાસે છે આ બંન્ને મતવાળા માણસો ભૂલ ખાય છે. અને પહેલા મતવાળા તો ભૂલેલા છે, એટલુંજ નહિ પણ ધર્મને બહાને અનીતિ આચરી ભયંકર થઇ પડે છે. તેથી આ પ્રકરણમાં બતાવીશું કે બુદ્ધિ વડે અને શાસ્રો વડે જોતાં નીતિ અને ધર્મ એકત્ર છે અને એકત્ર રહેવાં જોઇએ.

પૂર્વે નીતિ તે માત્ર સંસારી રીતિ હતી, એટલે કે માણસોએ ભેળા રહી કેમ ચાલવું જોઇએ એ વિચારીને વર્તન કરતા. એમ કરતાં કરતાં સારી રીતિ હતી તે કાયમ રહી અને નઠારી તે નાશ પામી, કેમકે જો નઠારી રીતિ નાશ ન પામે, તો તે પ્રમાણે ચાલનારાઓનો નાશ થાય છે. આ પ્રમાણે બનતું આપણે આજ પણ જોઇએ છીએ સારા રિવાજો જાણે અજાણે માણસ ચલાવ્યા કરે તે નીતિ નહિ તેમ ધર્મ નહિ, છતાં ઘણે ભાગે દુનિયામાં જે કામો નીતિમાં ખપે છે તે ઉપર બતાવ્યા તે સારા રિવાજો છે.

વળી ધર્મનો ખ્યાલ પણ ઘણી વેળા માણસના મનમાં માત્ર ઉપરટપકે રહે છે. કેટલીક વખત પોતાની ઉપર આવી પડતાં જોખમો દૂર કરવાને આપણે કાંઇક ધર્મ માનીએ છીએ. આમ ભયથી થયેલી પ્રીતથી માણસોએ કરેલા કામો એ બધાં ધર્મ ગણવાં એ ભૂલ છે.

પણ છેવટે એવો વખત આવે છે કે જ્યારે માણસો ઇરાદાપૂર્વક વિચાર કરીને, નુકસાન થાય અથવા નફો, મરે અથવા જીવે, છતાં દૃઢનિશ્ચયથી, યાહોમ કરીને, નીતિને રસ્તે પાછું મોઢું કર્યા વિના ચાલ્યા જાય છે; ત્યારે તેઓને નીતિનો રંગ ચઢ્યો ગણાય.

આવી નીતિ ધર્મ વિના કેમ નભી શકે ? જો બીજા માણસને થોડુંક નુકસાન કરી હું મારો લાભ જાળવી શકું તો મારે તે નુકસાન કેમ ન કરવું ? નુકસાન કરીને થતો લાભ એ લાભ નથી પણ નુકસાન છે એવો ઘૂંટડો મને કેમ ઉતરે ? બિસ્માર્કે જર્મનીને ઉપરથી દેખીતો લાભ આપવા સારૂ અઘોર કર્મ કર્યાં. એની કેળવણી

ક્યાં જતી રહી? સામાન્ય વખતે નીતિનાં વચનોનો બાળકોની પાસે બકવાદ કરતો હતો તે વચનો ક્યાં ખોવાઇ ગયાં? તે યાદ કરીને તેણે કેમ નીતિ સાચવી નહિ? આ બધા સવાલોનો જવાબ દેખિતી રીતે આપી શકાય છે. એ બધી અડચણો આવી અને નીતિ ન સચવાઇ તેનું કારણ એજ કે એ નીતિમાં ધર્મ સમાયો ન હતો. જ્યાં સુધી નીતિબીજને ધર્મ રૂપી પાણીનું સિંચન નથી મળતું, ત્યાં સુધી અંકુર ફૂટતું નથી. પાણી વગરનું તે બીજ સુકાયલુંજ રહે છે, અને જો લાંબો વખત પાણી વિના રહે તો નાશ પણ પામે છે. એટલે આપણે જોયું, કે ખરી નીતિમાં ખરા ધર્મનો સમાવેશ થવો જોઇએ. એજ વિચાર બીજી રીતે મૂકતાં એમ કહી શકાય કે ધર્મ વિના નીતિ જળવાય નહિ એટલે કે નીતિ ધર્મ રૂપે પાળવી જોઇએ.

આપણે વળી એમ પણ જોઇએ છીએ કે દુનિયાના મોટા ધર્મોમાં નીતિના નિયમો વર્ણવેલા છે તે ઘણે ભાગે એકજ છે. ને તે ધર્મના પ્રચારકોએ એમ પણ સમજાવ્યું છે કે ધર્મનું મંડાણ તે નીતિ છે. જો આપણે પાયો ખોદી નાંખીએ તો ઘર તેની મેળે પડી ભાંગે છે, તેમ નીતિ રૂપી પાયો તૂટી પડે તો ધર્મ રૂપી ચણતર પણ ઝપાટાભેર જમીનદોસ્ત થાય છે.

ગ્રંથકાર એમ પણ જણાવે છે કે નીતિ એ ધર્મ છે એમ કહેવામાં બાધ નથી. ડૉક્ટર કૉઇટ ઇબાદત કરતાં એમ કહે છે કે "હે ખુદા! નીતિ સિવાય બીજો ખુદા મારે ન જોઇએ" વિચાર કરતાં આપણે જોઇશું કે મુખેથી ખુદા અથવા ઇશ્વર પોકારીએ અને બગલમાં ખંજર રાખીએ તો શું ખુદા કે ઇશ્વર કશી દાદ આપનાર છે? એક માણસ ઇશ્વર છે એમ માનતો છતાં ઇશ્વરનાં

ન્ત્રાં ફરમાન તોડે છે અને બીજો માણસ ઇશ્વરને નામથી ન ઓળખતાં, પોતાના કામથી તેને ભજે છે અને ઇશ્વરી કાયદાઓમાં તેના કર્તાને જાણે છે અને જાણીને તેના કાયદા પાળે છે. આ બે માણસમાં કયો માણસ આપણે ધર્મવાન અને નીતિવાન ગણવો, એ સવાલનો જવાબ આપતાં એક ક્ષણભર પણ વિચાર કર્યા વિના આપણે ચોકસ રીતે કહી શકીએ છીએ કે બીજો માણસજ ધર્મવાન અને નીતિવાન ગણાય.

(ઉપરના વિષયને લગતું કાવ્ય.)

દુહા.

પ્રભુ પ્રભુ પૂજન ભર ગયે, ભયી નહિ પ્રભુ પિછાન,
ખોજત સારા જગ ફીરે, મિલે ન શ્રી ભગવાન.
સહસ્ર નામસે સોચ કી, એકિ ન મિલો જવાબ;
જપ તપ કિના જન્મતક, હરિ હરિ ગીને હિસાબ.
સાધુ સંતકો સંગ કિનો, બેદ પુરાન અભ્યાસ;
ફિરભી કછુ દરશન નહિ, પાયો પ્રભુ ઉદાસ.
કહોજી, પ્રભુ અબ કયું મિલે? સોચું જીકુ આજ;
જન્મ જુદાઇ ચલ ભયી, કછુ નહિ સુઝત ઇલાજ.
અંતર્યામી તબ કહે, "કયું તું હોવે કૃતાર્થ?
પ્રભુ બકવત ફોકટ કરે, નિશદિન ઢુંઢત સ્વાર્થ.
મુખ "પ્રભુ" નામ પુકારતા, અંતરમેં અહંકાર;
દંભી એસે દંભસેં, દિનાનાથ મિલનાર?
ઠગવિદ્યામાં નિપુણ ભયો, પ્રથમ ઠગે માબાપ,

સકલ જગતકું ઠગત તું, અંત ઠગ રહ્યો આપ.'
સુનતે શુદ્ધબુદ્ધ ખુલ ગઇ, પ્રકટયો પશ્ચાતાપ;
ઉલટ પુલટ કરીને ગયો, આપહિ ખાયો થાપ.

બહેરામજી મલબારી.

નીતિ વિષે ડાર્વિનના વિચારો.

પ્રસ્તાવના.

આ પ્રકરણનો સાર આપતાં પહેલાં ડાર્વિન કોણ હતો તે જણાવી જવાની જરૂર છે. ડાર્વિન એ ગઇ સદીમાં ઘણો મહાન ગોરો થઈ ગયો. તેણે શાસ્ત્રની ઘણી મહાન શોધો કરેલી છે. તેની યાદશક્તિ અને તેની અવલોકનશક્તિ બહુ જબરદસ્ત હતી તેણે કેટલાંક પુસ્તકો લખ્યાં છે તે બહુ વાંચવા તથા વિચારવા જેવાં છે. માણસની આકૃતિની ઉત્પત્તિ કેમ થઇ તે ઘણા દાખલા દલીલોથી તેણે બતાવ્યું છે કે એક જાતના વાંદરાઓથી થયેલી છે. એટલે કે ઘણી જાતના પ્રયોગો કરતાં અને ઘણું તપાસતાં એમ તેના જોવામાં આવ્યું છે કે માણસની આકૃતિ અને વાંદરાની આકૃતિ વચ્ચે બહુ તફાવત નથી. આ વિચાર બરાબર છે કે નહિ તેની સાથે નીતિના વિષયને કંઇ ઘણો સંબંધ નથી. પણ ડાર્વિને ઉપરના વિચારો જણાવવાની સાથે નીતિના વિચારો માણસજાત ઉપર શી અસર કરે છે તે પણ જણાવેલું છે, અને ડાર્વિનના લખાણ ઉપર ઘણા વિદ્વાન માણસોની શ્રદ્ધા છે તેથી આપણા ગ્રંથકારે ડાર્વિનના અભિપ્રાયો ઉપર છઠ્ઠું પ્રકરણ લખ્યું છે.

પ્રકરણ ૬ ઠું.

જે સારૂં છે અને સાચું છે તે આપણી પોતાની ઇચ્છાથીજ કરવું તેમાં ખાનદાની રહેલી છે. માણસની ખાનદાનીની ખરી નિશાની એ છે કે તે પવનથી આમ તેમ ભટકતાં વાદળાંની માફક ધક્કા ખાવાને બદલે અચળ રહી પોતાને વાજબી લાગે તે કામ કરે છે. અને કરી શકે છે.

તેમ છતાં આપણી વૃત્તિઓ કયે રસ્તે દોરાવાનું તેને વલણ છે તે જાણવું જોઇએ. આપણે દરેક રીતે આપણા મુખત્યાર નથી તે સમજીએ છીએ. આપણી બહારની કેટલીક સ્થિતિ છે તેને અનુસ-રીને ચાલવું જોઇએ છે. જેમકે જે મુલકમાં હિમાળાના જેવી ઠંડી પડતી હોય ત્યાં આપણી ઇચ્છા હોય કે નહિ છતાં શરીર ગરમ રાખવાને સારૂ આપણે રીતસર કપડાં પહેરવાં પડે છે; એટલે કે આપણે ડહાપણથી વર્તવું પડે છે.

ત્યારે એમ સવાલ ઉઠે છે કે આપણી બહારની ને આસપાસની સ્થિતિ તપાસતાં આપણે નીતિસર વર્તવું પડે છે કે નહિ અથવા તો તેમાં નીતિ અને અનીતિ હોય કે નહિ તેની ફિકર નહિ એમ બને છે ?

આ સવાલનો વિચાર કરતાં ડાર્વિનના અભિપ્રાયની તપાસ કરવાની જરૂર પડે છે. ડાર્વિન જોકે નીતિના વિષય ઉપર લખનારો માણસ નહોતો, તોપણ તેણે બહારની વસ્તુઓની સાથે નીતિનો સંબંધ કેવો ધાર્યો છે તે બતાવી આપ્યું છે. જે માણસો એમ

એમ ધારે છે કે માણુસો નીતિ જાળવે કે નહિ તેની દરકાર નથી; અને દુનિયામાં માત્ર શરીરબળ અને માનસિક બળ એજ કામ આવે છે તેઓએ ડાર્વિનનું લખેલું વાંચવું. ડાર્વિનના કહેવા પ્રમાણે માણુસો અને બીજાં પ્રાણીઓમાં જીવતા રહેવાની લાલચ રહે છે. તે એમ પણ કહે છે કે જેઓ એવી ઝપાઝપીમાં જીવી શકે છે તેજ જીત્યા ગણાય અને જેઓ લાયક નથી તેનો જડમૂળથી નાશ થાય છે, પણ આ ઝપાઝપી શરીરબળથી નભી શકતી નથી.

માણુસ અને રીંછ અથવા ભેંસની સરખામણી કરીશું, તો આપણને માલુમ પડે છે કે શરીર બળમાં રીંછ અથવા ભેંસ માણુસથી ચઢી જાય છે અને જો તેમાંનાં એકની સાથે માણુસ કુસ્તી કરે તો હારી જશે. તેમ છતાં પોતાની બુદ્ધિ વડે માણુસ વધારે બળીઓ છે. એમજ મુકાબલો માણુસજાતમાં જુદી જુદી કોમ વચ્ચે આપણે કરી શકીએ છીએ લડાઇને વખતે જેની પાસે ઘણા બળીઆ અથવા તો સંખ્યાબંધ માણુસો હોય છે તેજ જીતે છે એમ નથી પણ જેની પાસે કળા કૌશલ્ય અને સરસ સરદારો હોય છે તે થોડા અથવા નબળા હોય છતાં જીતે છે. આ દાખલા આપણે બુદ્ધિબળના જોયા.

ડાર્વિન એમ બતાવે છે કે બુદ્ધિબળ અને શરીરબળના કરતાં પણ નીતિબળ તે ચઢિઆતું છે અને લાયક માણુસ નાલાયક કરતાં વધારે નભી શકે છે તે આપણે ઘણે પ્રકારે જોઇ શકીએ છીએ. કેટલાક માણુસો એમ માને છે કે ડાર્વિને તો એવુંજ શીખવ્યું છે કે શૂરા એજ પૂરા એટલે કે માત્ર શરીરબળવાળાજ છેવટે તરી આવે છે, અને એમ ઉપરથીજ વિચાર કરનારા ભોળા માણુસો

માની બેસે છે, કે નીતિ એ તો ટંઇ કામની નથી. પણ આ વિચાર ડાર્વિનનો બિલકુલ નથી. અસલના ઇતિહાસિક પૂરાણ ઉપરથી જોવામાં આવ્યું છે કે જે કોમો અનીતિવાન હતી તેનો આજે તદ્દન નાશ થઇ ગયો છે. સોડમ અને ગમોરાના માણસો બહુ અનીતિવાળા હોવાથી તે દેશો જમીનદોસ્ત થઇ ગયા. આજ પણ આપણે જોઇ શકીએ છીએ કે જે પ્રજા અનીતિવાન છે તેનો નાશ થતો ચાલ્યો છે.

હવે આપણે કેટલાક સાદા દાખલા લઇને જોઇએ કે સાધારણ નીતિ તે પણ માણસ જાતને નિભાવી રાખવામાં કેટલી જરૂરની છે. શાંત સ્વભાવ તે નીતિનો એક ભાગ છે, ને ઉપરથી જોતાં આપણને એમ લાગી આવશે કે મિજાજી માણસ આગળ વધી શકે છે પણ સહેજ વિચાર કરતાં જોઇશું કે માણસની મિજાજ રૂપી તરવાર છેવટે પોતાનાજ ગળા ઉપર પડે છે. માણસે વ્યસન ન કરવું એ નીતિનો બીજો વિષય છે. આંકડાઓ તપાસતાં વિલાયતમાં એમ જોવામાં આવ્યું છે કે ત્રીસ વરસની ઉમરના દારૂડીયા માણસો બીજા તેર કે ચૌદ વરસ કરતાં વધારે જીવતા નથી. પણ નિર્વ્યસની માણસ સિત્તેર વરસ સુધી જીવે છે. વ્યભિચાર નહિ કરવો એ નીતિનો ત્રીજો વિષય છે. ડાર્વિને બતાવ્યું છે કે વ્યભિચારી માણસો બહુ જલદીથી નાશ પામે છે. તેઓને છોકરાં હોતાં નથી અને હોય તો નબળાં જોવામાં આવે છે, વ્યભિચારી માણસોનાં મન ક્ષીણ થઇ જાય છે અને જેમ જેમ દિવસ જાય તેમ તેઓનો દેખાવ ગાંડાના જેવો લાગે છે.

આપણે કોમોની નીતિ વિચારીશું તો પણ એજ સ્થિતિ માલુમ પડશે. આંદામાન ટાપુના માણસો પોતાની ઓરતોને વેનાં

બાળકો હાલતાં ચાલતાં થાય કે તુરત તજી દેછે. એટલે તેઓ પરમાર્થ બુદ્ધિ બતાવવાને બદલે અત્યંત સ્વાર્થબુદ્ધિ બતાવે છે પરિણામ એ આવ્યું છે કે તે પ્રજાનો ધીમે ધીમે નાશ થતો જાય છે. ડાર્વિન બતાવે છે કે જાનવરોમાં પણ કેટલેક દરજ્જે પરમાર્થ-બુદ્ધિ જોવામાં આવી છે. બીકણ પક્ષીઓ પોતાનાં બચ્ચાંનું રક્ષણ કરવા જોરાવર થઈ જાય છે તે બતાવે છે કે જો પ્રાણી માત્રમાં પરમાર્થ બુદ્ધિ થોડી ઘણી પણ ન હત તો દુનિયામાં ખડ અને ઝેરી વનસ્પતિ શિવાય ભાગ્યેજ જીવ હોત. માણસ અને બીજાં પ્રાણીમાં મુખ્ય તફાવત એ છે કે માણસ સૌથી વધારે પરમાર્થી છે, બીજાંને સારૂ એટલે પોતાની નીતિના જોરના પ્રમાણમાં પોતાનાં બચ્ચાંને સારૂ, પોતાના દેશને સારૂ તે પોતાનો જાન કુરબાન કરતો આવ્યો છે.

એટલે ડાર્વિન ખુલ્લી રીતે બતાવે છે કે નીતિબળ તે સર્વોપરી છે. ગ્રીસની પ્રજા હાલની યૂરોપની પ્રજા કરતાં વધારે બુદ્ધિશાળી હતી, છતાં તે પ્રજાએ જ્યારે નીતિનો ત્યાગ કર્યો ત્યારે તેની બુદ્ધિ તેની દુશ્મન થઇ પડી; અને આજે એ પ્રજા જોવામાં પણ નથી આવતી. પ્રજાઓ નથી પૈસે નભતી, નથી લશ્કરે નભતી, પણ માત્ર નીતિના પાયા ઉપર ટકી શકે છે એ વિચાર સદાય મનમાં રાખી પરમાર્થ રૂપી પરમ નીતિ આચરવી એ માણસ માત્રનું કામ છે.

પ્રકરણ ૭ મું.

કેટલીક વખત એમ કહેવામાં આવે છે કે સઘળી નીતિમાં સાર્વજનિક કલ્યાણ સમાયેલું છે. આ વાત બરાબર છે. જેમકે જો ન્યાયાધિશમાં ન્યાયબુદ્ધિ હોય તો તેથી જે લોકોને ઇન્સાફી અદાલતમાં જવું પડે છે તેઓને સુખ મળે છે. તેમજ પ્રીતિ, માયા, ઉદારતા વગેરે ગુણો બીજાના પ્રસંગમાંજ બતાવી શકાય છે. વફાદારીનું જોર પણ એક બીજાના સંબંધમાં આવીનેજ આપણે જણાવી શકીએ છીએ. સ્વદેશાભિમાની વિષે તે કહેવુંજ શું હોય? ખરૂં જોતાં એમ માલમ પડશે કે નીતિનો એકે વિષય નથી કે જેનું પરિણામ નીતિ સાચવનારનેજ મળે. કેટલીક વેળા એમ કહેવામાં આવે છે કે સત્યતા વગેરે ગુણોનો સામેના માણસની સાથે સંબંધ નથી. પણ આપણે જુઠું બોલી કોઇને છેતરીએ તેથી સામેના માણસને નુકસાન થશે એવું આપણે કબુલ કરવું પડે છે તો સાચું બોલવાથી સામેના માણસને નુકશાન થતું અટક્યું એટલું આપણે કબુલ કરવુંજ જોઇએ.

તેમજ જ્યારે કોઇ માણુસ અમૂક કાયદા અથવા રિવાજ નાપસંદ કરી તેની બહાર રહે છે, ત્યારે પણ તેના કાર્યની અસર જનમંડળ ઉપર થાય છે. એવો માણુસ વિચાર દુનિયામાં રહે છે. તે વિચારોને લગતી દુનિયા હજુ પેદા નથી થઇ. તેની તે દરકાર કરતો નથી. એવા માણુસને સારૂ ચાલતું ધોરણ સારૂં નથી એવો વિચાર તેવા ધોરણનો અનાદર કરવા બસ છે. તે માણુસ હમ્મેશાં પોતાના વિચાર પ્રમાણે બીજાઓનું વર્તન કરાવવા મચ્યો રહેશે. આમજ પૈગમ્બરોએ દુનિયાનાં ચક્રોની ગતિ ફેરવી છે.

જ્યાં સુધી માણસ સ્વાર્થી છે, એટલે બીજાના સુખની પરવા નથી કરતો ત્યાં સુધી તે જનાવરના જેવો અથવા તેથી ઉતરતો છે. માણસ જનાવરથી ચઢે છે એમ આપણે જોઇ શકીએ છીએ, એ ત્યારેજ કે જ્યારે આપણે તેને પોતાના કુટુમ્બનો બચાવ કરતો જોઇએ છીએ. તે હજુ વધારે માણસજાતમાં ત્યારે આવે છે કે જ્યારે પોતાના દેશને અથવા તો પોતાની કોમને પોતાના કુટુમ્બમાં ગણે છે. જ્યારે આદમ જાતને તેવી રીતે ગણે ત્યારે તેથી પણ ઉંચી પાયરીએ ચડે છે. એટલે કે જેટલે દરજ્જે માણુસ માણસજાતની સેવામાં પછાત રહે છે, તેટલે દરજ્જે તે હેવાન છે અથવા તો અપૂર્ણ છે. મારી ઓરતને સારૂ, મારી કોમને સારૂ, મને દરદ થાય; પણ તેની બહારનમાણસને સારૂ કંઇ લાગણી ન થાય તો દેખિતુ છે કે મને માણસ જાતનાં દુઃખની કદર નથી. પણ ઓરત બચ્ચાં કે કામ જેને મારાં માન્યાં છે તેને સારૂ ભેદબુદ્ધિએ કે સ્વાર્થ બુદ્ધિએ કંઇક લાગણી થાય છે.

એટલે જ્યાં સુધી આપણાં મનમાં દરેક માનવીને વિષે દયા ન વર્તે ત્યાં સુધી આપણે નીતિ ધર્મ નથી પાળ્યો ને નથી જાણ્યો હવે આપણે જોઇએ છીએ કે ઉંચી નીતિ તે સાર્વજનિક હોવી જોઇએ. આપણા સંબંધમાં દરેક માણુસ આપણી ઉપર આવો હક ધરાવે છે, એટલે કે આપણે સદા તેની સેવા કરવી એવી આપણી ફરજ છે આપણો હક કોઇની ઉપર નથી એમ વિચારી આપણે વર્તવું જોઇએ. કોઇ એમ કહેશે કે તેવું કરનાર માણુસ આ દુનિયા ના ઝપાટામાં આવી કચરાઈ મરશે તો તે વાત માત્ર અજ્ઞાનપણે

કરશે. કેમકે એવી એકનિષ્ઠાથી સેવા કરનાર માણસને હમ્મેશાં ખુદાએ બચાવી લીધો છે એવો જગતપ્રસિદ્ધ અનુભવ છે.

આવી નીતિના ધોરણ પ્રમાણે માણસ માત્ર સરખા છે. તેનો અર્થ કોઇ એમ ન કરશો કે દરેક માણસ એક સરખો હોદ્દો ભોગવે છે; અથવા એકજ જાતનું કામ કરે છે પણ તેનો અર્થ એ થાય છે કે જો હું મોટા હોદ્દો ભોગવતો હોઉં, તો તે હોદ્દાની જવાબદારી ઉઠાવવાની મારામાં શક્તિ છે. તેથી મારે છટકી જવાનું નથી, અને એમ નથી માનવાનુ કે બીજા માણસો ઓછી જવાબદારી ઉઠાવનારા મારાથી હલકા છે. એક સરખાપાણું તે આપણા મનની સ્થિતિ ઉપર આધાર રાખે છે. જ્યાં સુધી આપણા મનની એ સ્થિતિ ન થાય ત્યાં સુધી આપણે પશ્ચાત છીએ.

આ નિયમ પ્રમાણે એક પ્રજા પોતાના સ્વાર્થને સારૂ બીજી પ્રજાની ઉપર રાજ્ય ભોગવી શકતી નથી. અમેરિકાના અસલ વતનીઓને હલકા પાડી અમેરિકાના લોકો રાજ્ય ચલાવે છે એ નીતિવિરૂદ્ધ વાત છે. ઊંચી પ્રજા નીચી પ્રજાના પ્રસંગમાં આવે તો તેવી પ્રજાને પોતાના જેવી કરવાની તેની ફરજ છે. એજ નિયમ પ્રમાણે રાજા તે પ્રજાનો ઉપરી નથી પણ નોકર છે. અમલદારો તે અમલ ભોગવવાને નથી પણ પ્રજાને સુખી કરવા સારૂ છે. પ્રજાસત્તાક રાજ્યમાં જો લોકો સ્વાર્થી હોય તો તે રાજ્ય નકામું સમજવું.

વળી એક રાજ્યમાં વસનારા અથવા એક કામના માણસોમાં આપણા નિયમ પ્રમાણે બળીઆ માણસોએ દુર્બળનું રક્ષણ કરવાનું છે, નહિ કે તે લોકોને કચરવા. આવા કારભારની અન્દર ભૂખમરો

હોઇ શકતો નથી તેમ અત્યંત તવંગરપણું પણ હોઇ શકતું નથી. કેમકે આપણે આપણા પાડોશીનું દુઃખ જોયા કરીને સુખી રહીએ તેમ બનવાકાળ નથી. પરમ નીતિનું ધોરણ સાચવનાર માણસથી પૈસો એકઠો કરવાનું બનવાનું નથી. આવી નીતિ જગતમાં થોડી જોવામાં આવે છે, એમ સમજી નીતિવાનને ગભરાવાનું નથી. કેમકે તે પોતાની નીતિનો ધણી છે. તેના પરિણામનો નથી. નીતિ નહિ આચરે તો દોષવાન ગણાશે. પણ તેનું પરિણામ જનમંડળ ઉપર નહિ થાય તો તેનો દોષ કોઈ કાઢનાર નથી.

પ્રકરણ ૮ મું.

સમર્પણ.

" હું જવાબદાર છું " " આ મારી ફરજ છે. " આવો વિચાર માણસને હલાવી નાંખે છે અને અજાયબી પમાડે છે. આપણને એવી અવાજના પડઘા કાનમાં હમ્મેશાં પડયા કરે છે. " હે માનવી, આ કામ તારૂં છે તારે પોતાને હાર અથવા જીત મેળવવાની છે. તારા જેવો તુંજ છે. કેમકે કુદરતે બે સરખી વસ્તુ ક્યાંયે બનાવી નથી. તારે બજાવવાની ફરજ છે તે તું નહિ બજાવે તો આ જગતના સરવૈયામાં ખોટ આવ્યાજ કરશે. "

આવી ફરજ મારે બજાવવાની શી છે? કોઇ કહેશે કે—

આદમકો ખુદા મત કહે, આદમ ખુદા નહિ;
લેકિન ખુદાકે નૂરસે, આદમ જુદા નહિ.

અને કહેશે કે ઉપરની બેત પ્રમાણે હું ખુદાનું નૂર છું એમ માની બેસી રહેવું. બીજો માણસ કહેશે કે મારે મારી આસપાસના માણસો તરફ લાગણી બતાવી ભાઇચારો રાખવો. ત્રીજો કહેશે કે માબાપની સેવા કરવી, બાયડી છોકરાં સંભાળવાં, ભાઇ બેન મિત્રો તરફ બરાબર વર્તવું. પણ આ બધા ગુણોમાં મારે મારી પોતાની તરફ તેવીજ રીતે વર્તવું એ વળી મારી સમસ્ત ફરજનો ભાગ છે. જ્યાં સુધી હું મને પોતાને નહિ ઓળખું ત્યાં સુધી હું બીજાને કેમ ઓળખી શકીશ? અને જેને હું નથી ઓળખતો, તેને માન પણ કેમ આપી શકીશ? ઘણાઓ એમ માનવા લાગ્યા છે કે માણસે બીજાના સંબંધમાં આવીને રીતસર વર્તવું જોઇએ; પણ જ્યાં સુધી આપણે તેવા સંબંધમાં આવતા નથી ત્યાં સુધી આપણી મરજી પ્રમાણે જેમ ફાવે તેમ વરતી શકીએ છીએ. આમ જે માણસ માનતો હોય તે વગર સમજ્યે બોલે છે. દુનિયામાં રહી કોઇ પણ માણસ નુકસાન કર્યા વિના આપખુદીથી વર્તી શકતો નથી.

હવે આપણે જોઇએ કે આપણી ફરજ આપણી પોતાની તરફ શી છે. પ્રથમ તો આપણી એકાંતની વર્તણુંકની આપણા સિવાય બીજાને ખબર હોતી નથી. એવી વર્તણુંકની અસર આપણી ઉપર થાય તેથી આપણે જવાબદાર છીએ, એટલુંજ બસ નથી પણ એથી બીજાઓ ઉપર અસર થાય છે તેથી એ આપણે જવાબદાર છીએ. દરેક જણે પોતાના જુસ્સાઓ ઉપર દાબ રાખવો જોઇએ. અને સદા પોતાનાં શરીર મન સ્વચ્છ રાખવાં જોઇએ. એક મહાન પુરૂષ કહે છે કે દરેક માણસની ખાનગી ચાલચલગત મને જણાવો અને હું તે માણસ કેવો થશે અને કેવો છે તે તુરત કહી શકીશ. આવાંજ

કારણુસર આપણે આપણી ઇચ્છાઓ લગામમાં રાખવી ઘટે છે; એટલે કે આપણે દારૂ નહિ પીવો જોઇએ, અકરાંતિયાપણું નહિ કરવું જોઇએ; નહિ તો છેવટે આપણે શક્તિહીન થઇ આબરૂ ગુમાવશું. **જે માણસ વિષયોથી દૂર રહી, પોતાનાં શરીર, મન, બુદ્ધિ અને જીવની રખેવાળી નથી કરતો તે માણસ બહારના કામોમાં ફાવી શકતો નથી.**

આમ વિચાર કરતો માણસ પોતાની અંતરવૃત્તિઓ સાફ રાખી હવે વિશેષ વિચારે છે કે એ વૃત્તિઓનો ઉપયોગ શું કરવો, કંઇ પણ નિશ્ચય ધારણા જીંદગીમાં હોવી જોઇએ. જો જીંદગીનું કર્તવ્ય શોધી તે તરફ આપણે વલણ ન રાખીએ, તો આપણે સુકાન વિનાના વહાણની માફક ભરદરિયામાં ગોથાં ખાઇએ. ઉંચામાં ઉંચુ કર્તવ્ય એ છે કે આપણે માણસ જાતની સેવા કરવી અને તેની સ્થિતિમાં સુધારો કરવામાં ભાગ લેવો. આમાં ખરી ઇશ્વરસ્તુતિ—ખરી બન્દગી આવી જાય છે. જે માણસ ખુદાનાં કામ કરે છે તે ખુદાઇ પુરૂષ છે. ખુદાનાં નામ લેનારા ઢોંગી ધુતારા ઘણુએ રખડે છે. પોપટ નામ લેતાં શીખે છે તેથી એને કોઇ ખુદાઇ કહેતું નથી. માણસ જાતને સ્થિતિસર મૂકવાની નેમ રાખવી, તે વળી બધા માણસો પાળી શકે છે. વકીલ તેવી ધારણાથી ધંધો કરી શકે છે. વેપારી એ ધારણા ઉપર વેપાર કરી શકે છે. એવી નેમવાળો માણસ કદિ નીતિધર્મથી ચળતો નથી. કેમકે તેમાંથી ચળીને માણસ જાતને ચઢાવવાની ધારણા પાર પડી શકતી નથી.

આપણે તપસીલવાર વિચારીએ આપણે નિરંતર તપાસવું પડે છે કે આપણી રહેણી સુધારનારી કે બગાડનારી છે. વેપાર કરનાર

વેપારી દરેક સોદો કરતાં વિચારશે કે પોતે પોતાને અથવા બીજાને ઠગે છે કે નહિ. વકીલ વૈદ ઉપલા ઉત્તમ ધોરણ ઉપર ચાલતાં પોતાના અસીલ અને દર્દી વિષે વધારે વિચાર કરશે. મા પોતાના બાળકને ઉછેરતાં હમેશાં ડરીને ચાલશે કે રખેને એ બાળક ખોટાં હેતથી કે પોતાના બીજા સ્વાર્થને લીધે બગડે. તેવા વિચારોથી મજૂરી કરનો મજૂર પણ પોતાના કર્તવ્યનો ખ્યાલ કરીને રહેશે. આ બધાનો સાર એ આવ્યો કે જો મજૂર પોતાનો ભાગ નીતિ નિયમને વળગીને બજાવશે તો આબરૂદારીથી રહેનારા ધાઢ્ય વેપારી વૈદ કે વકીલ કરતાં વધારે સારો ગણાશે. મજૂર એ ખરો સિક્કો છે. અને પેલા સ્વાર્થી માણસો વધારે અક્કલવાળા અથવા તો પૈસાદાર છતાં ખોટા સિક્કા બરાબર છે. એટલે વળી આપણે જોઈએ છીએ કે ઉપલી નેમ પૂરી પાડવામાં હરકોઇ માણસ ગમે તે પદવીમાં રહીને શક્તિવાન છે. માણસની કિમ્મત માણસની રહેણી ઉપર છે. તેની પદવી ઉપર નથી આવી રહેણીની પરીક્ષા તેના બહારના કામોથી નથી થતી પણ તેની અંતરવૃત્તિ જાણવાથીજ થાય છે. એક માણસ ગરીબ માણસને પોતાની નજરેથી દૂર કરવાને સારૂ ડોલર આપે. બીજો તેની દયા ખાઇ હેતથી અરધો ડોલર આપે. અરધો ડોલર આપનાર માણસ તે ખરો નીતિવાન છે અને ડોલર આપનારો તે પાપી છે.

આ બધાનો સાર એ નીકળ્યો કે જે માણસ પોતે શુદ્ધ છે, દ્વેષ કરતો નથી, ખોટો લાભ કોઈનો લેતો નથી, હમેશા પવિત્ર મન રાખી વર્તે છે, તેજ માણસ ધર્મિક છે, તેજ સુખી છે, અને તેજ પૈસાદાર છે: તેનામાંજ

માણુસજાતની સેવા બની શકે છે. જે દીવાસળીમાં દેવતા નહિ હોય તે બીજા લાકડાં કેમ સળગાવી શકશે? જે માણસ પોતે નીતિ નથી પાળતો તે બીજાને શું શીખવશે? પોતે ડૂબતો બીજાને કેમ તારી શકે? નીતિનાં આચરણ કરતો માણસ દુનિયાની સેવા કેમ કરવી એમ કહિ સવાલ ઉઠાવતો નથી; કેમકે એ સવાલ તેને ઉઠતો નથી. મેથ્યુ આરનોલ્ડ એમ કહે છે કે "એક દહાડો મારા મિત્રને સારૂ હું તન્દુરસ્તી જીત અને કીર્તિ ઇચ્છતો. હવે તેવું ઇચ્છતો નથી; કેમકે તે હોય યા ન હોય તેની ઉપર મારા મિત્રના સુખ દુઃખનો આધાર નથી. તેથી હવે હું સદાય એમ ઇચ્છું છું કે તેની નીતિ હમ્મેશાં અચળ રહે." એમર્સન કહે છે કે ભલા માણસનું દુઃખ તે પણ તેઓનું સુખ છે. અને ભૂંડાનો તો પૈસો, તેની કીર્તિ પણ તેઓને અને દુનિયાને દુઃખ રૂપ છે.

(ઉપરના વિષયને લગતું કાવ્ય.)

ગર બાદશાહ હોકર અમલ, મુલ્કો કિયા તો ક્યા હુવા?
દો દિનકા રનસિંગા બજા, ભૂં ભૂં હુવા તો ક્યા હુવા?
ગુલ્લ શોર મુલ્કો માલકા કોસોં હુવા તો ક્યા હુવા?
યા હો ફકીર આઝાદકે રંગો હુવા તો ક્યા હુવા?
ગર યું હુવા તો ક્યા હુઆ, ઓર વું હુવા તો ક્યા હુવા? (૧)

દો દિન તો યેહ ચર્ચા હુવા, ઘોડા મિલા હાથી મિલા,
બએહા અગર હોવે ઉપર, યા પાલખીમે જા ચઢા,
આગે કો નક્કારે નિશાં, પિછેકો ફઓજેકા પરા;

દેખાનો ફેર એક જાનમેં હાથી ન ઘોડા ના ગધા.
ગર યું હુવા તો ક્યા હુવા, ઔર વું હુવા તો ક્યા હુઆ? (૨)

અય દેખ કીસકા શાહ હોં ઔર કીસપે આંખે નર્મ કરે ?
યેહ દિલ બિચારા યેહ હયે, કીસકીસકા અબ માતમ કરે ?
યા દિલકો રોવે બેઠકર, યા દર્દી દુઃખ કો કેમ કરે ?
વાંકા એહી તુફાન હયે, અબ કીસકી જૂતિ કમ કરે ?
ગર યૂં હુવા તો ક્યા હુવા, ઔર વૂં હુઆ તો ક્યા હુઆ. ? (૩)

ગર તું "નઝીર" અપ મર્દ હયે, તો જાલમેભી શાદ હો.
દસ્તારમે ભી હો ખુશી, રૂમાલમે ભી શાદ હો.
આઝાદગી ભી દેખલે, જંજાલમે ભી શાદ હો.
ઇસ હાલમેં ભી શાદ હો, ઉસ હાલમેં ભી શાદ હો
ગર યૂં હુવા તો ક્યા હુવા, ઔર વૂં હુઆ તો ક્યા હુઆ ? (૪)

સમાપ્ત.

સર્વોદય

પ્રસ્તાવના.

પશ્ચિમદેશમાં સાધારણ રીતે એમ માનવામાં આવે છે, કે વધારે માણસનું (મેજોરીટીનું) સુખ—તેઓનો ઉદય—એ વધારવાનું માણસનું કામ છે. સુખ એટલે માત્ર શારીરિક સુખ, પૈસાટકાનું સુખ એવો અર્થ કરવામાં આવે છે. એવું સુખ મેળવવામાં નીતિના નિયમોનો ભંગ થાય તેની ખાસ દરકાર કરવામાં આવતી નથી. તેમજ વધારે માણસોનું સુખ જાળવવું એવો હેતુ રાખ્યો છે, તેથી જો થોડાને દુઃખ દઈને વધારેને સુખ અપાય તો તેમ કરવામાં હરકત છે એમ પશ્ચિમના લોકો માનતા નથી. એવું માનતા નથી તેનું પરિણામ આપણે પશ્ચિમના બધા મુલકમાં જોઈએ છીએ.

વધારે માણસનું શારીરિક અને પૈસાટકાનું સુખ હોય એજ શોધવું એવો ખુદાઈ કાયદો નથી. અને જો તેટલું જ શોધવામાં આવે, ને નીતિના નિયમોનો ભંગ થાય તો તે ખુદાઈ કાયદાથી વિરૂદ્ધ છે એવું કેટલાક પશ્ચિમના ડાહ્યા પુરૂષોએ બતાવ્યું છે; તેમાં મરહુમ જોન રસ્કીન એ મુખ્ય હતો. તે અંગ્રેજ હતો. ઘણોજ વિદ્વાન માણસ હતો. તેણે હુન્નર કળા ચિતારકામ વગેરે ઉપર સંખ્યાબંધ અને ઘણા સરસ કીતાબો લખી છે. નીતિના વિષયો ઉપર પણ તેણે ઘણું લખ્યું છે. તેમાંનું એક નાનું પુસ્તક Unto

this Last છે તે તેણે પોતે પોતાનાં લખાણોમાંનું ઉત્તમ માન્યું છે. જ્યાં જ્યાં અંગ્રેજી બોલાય છે, ત્યાં તે પુસ્તક બહુ વંચાય છે. તેમાં ઉપર બતાવ્યા તેવા વિચારોનું બહુજ સરસ ખંડન કર્યું છે. અને બતાવી આપ્યું છે, કે નીતિના નિયમો જાળવવામાં આપની બહેતરી છે.

આજ કાલ હિંદુસ્તાનમાં આપણે પશ્ચિમના લોકોની નકલ બહુ કરીએ છીએ. તેમ કેટલીક બાબતમાં કરવાની જરૂર પણ અમે માનીએ છીએ. પણ પશ્ચિમનાં ઘણાં ધોરણો ખરાબ છે એમાં શક નથી. ખરાબ છે તેથી દૂર રહેવાની જરૂર તો સહુ કોઇ કબુલ કરશે.

દક્ષિણ આફ્રિકામાં હિંદીની સ્થિતિ અતિ દયામણી છે. આપણે પૈસો મેળવવાને સારૂં દેશાવર ખેડીએ છીએ. તેની ધુનમાં નીતિને, ખુદાને ભૂલી જઇએ છીએ. સ્વાર્થમાં મુંઝાઇ-ગૂંથાઇ-જઇએ છીએ. પરિણામે પરદેશ વેઠવાથી લાભને બદલે ઘણો ગેરલાભ થાય છે, અથવા તો પરદેશ ખેડવાનો પૂરો લાભ મળતો નથી. સર્વ ધર્મને અંગે નીતિ તો રહેલીજ છે, પણ ધર્મનો વિચાર કર્યા વિનાએ સાધારણ બુદ્ધિથી વિચારતાં નીતિ જાળવવી એ જરૂરનું છે. તેમાં સુખ છે. એવું જોન રસ્કીને બતાવ્યું છે. તેણે પશ્ચિમના લોકોની આંખ ખોલી છે; ને આજે તેના શિક્ષણના આધારે ઘણા ગોરાઓ પોતાનું વર્તન ચલાવે છે. તેના વિચારો હિંદી પ્રજાને પણ ઉપયોગી થાય એવા હેતુથી, ઉપર કહી ગયા તે પુસ્તકમાંથી, અંગ્રેજી નહિ જાણનાર હિંદી સમજી શકે તેવું તારણ આપવાને અમે ઠરાવ કર્યો છે.

સોક્રેટીસે માણસને શું કરવું ઘટે છે તેનું થોડુંક દર્શન કરાવ્યું.

તેણે જેવું કહ્યું તેવુંજ તેના વિચારોનું લંબાણ એ રસ્કીનના વિચારો છે એમ કહી શકાય છે; સોક્રેટીસના વિચારો પ્રમાણે ચાલવા ઇચ્છનાર માણસે જુદા જુદા ધંધામાં કેમ વરતવું જોઇએ તે રસ્કીને આબેહુબ રીતે બતાવી આપ્યું છે. તેના લખાણનો અમે જે સાર આપીએ છીએ તે તરજુમો નથી. તરજુમો આપતાં કેટલાક બાઇબલ વિગેરેમાંથી આપેલા દાખલાઓ વાંચનાર ન સમજી શકે એવો સંભવ છે. તેથી અમે રસ્કીનના લખાણનો સારજ આપ્યો છે. તે પુસ્તકના નામનો પણ અમે અર્થ નથી આપ્યો. કેમકે જેણે અંગ્રેજીમાં બાઇબલ વાંચ્યું હોય તેજ તે સમજી શકે. પણ પુસ્તક લખવાનો હેતુ સર્વનું કલ્યાણ—સર્વનો (માત્ર વધારેનો નહિ) ઉદય એવો હોવાથી અમે આ લખાણને "સર્વોદય" એવું નામ આપ્યુ છે.

પ્રકરણ ૧ લું.

સાચનાં મૂળ.

માણસો ઘણી ભૂલથાપ ખાય છે. પણ અરસ્પરસની લાગણીની અસરનો વિચાર કર્યા વિના માણસો કેમ જાણે સંચાની માફકજ કામ કરતાં હોય નહિ એમ ધારી લઇ તેઓની વર્તણુકને સારૂ કાયદા ઘડવા એના જેવી બીજી મોટી ભુલ એકે જોવામાં આવતી નથી. અને એવી ભૂલ તે આપણને હિણપત લગાડનારી ગણાય. જેમ બીજી ભૂલોમાં ઉપરટપકે જોતાં કંઇક સાચાનો આભાસ જોવામાં આવે છે તેમ લૌકિક નિયમોને વિષે પણ જોવામાં આવે છે. લૌકિક

નિયમ બાંધનારા કહે છે કે "અરસપરસ લાગણી એ તો અકસ્માત ગણવો અને તેવી લાગણીને માણસની સાધારણ પ્રકૃતિના પ્રવાહને ધક્કો પહોંચાડનાર ગણવી. પણ લોભ અને આગળ વધવાની ઈચ્છા એ તો હમેશાં રહે છે. એટલે અકસ્માતને દૂર રાખીને માણસે પૈસા એકઠા કરવાનો સંચો ગણીને, કેવી જાતની મજૂરીથી ને કેવી લેવડદેવડથી માણસ વધારેમાં વધારે દોલત એકઠી કરી શકે એ વિચારવાનું છે. આવા વિચારોને આધારે ધોરણ રચીને પછી એક બીજાની મરજીમાં આવે તેટલી અરસપરસ લાગણીનો ઉપયોગ કરી ભલે લૌકિક વહેવાર ચલાવાય."

જો અરસપરસ લાગણીનું જોર લેવડદેવડના ધારાની જાતનું હોત તો ઉપરની દલીલ બરોબર ગણાત. માણસની લાગણી એ અંતરનું બળ છે લેવડદેવડના ધારા એ એક સંસારી નિયમ છે. એટલે બન્નેની જાત એક નથી. એક વસ્તુ અમુક દિશામાં જતી હોય અને તેની ઉપર એક તરફથી જાથુક જોર થતું હોય, ને બીજી તરફથી આકસ્મિક જોર થતું હોય તો આપણે પહેલાં જાથુક જોરનું માપ કરીએ ને પછી આકસ્મિક જોરનું માપ કરીએ. બન્નેના તારણ ઉપરથી તે વસ્તુની ગતિનો નિશ્ચય આપણે કરી શકીશું. આમ આપણે કરી શકીએ છીએ તેનું કારણ એ કે આકસ્મિક અને જાથુકનાં જોર બન્ને એક જાતના છે. પણ માણસ જાતના વહેવારમાં લેવડદેવડના જાથુક નિયમનું જોર અને અરસપરસ લાગણીનું આકસ્મિક જોર એ બેની જાત જુદી છે. લાગણી એ માણસની ઉપર જુદા પ્રકારની ને જુદી રીતે અસર કરે છે. તેથી માણસનું સ્વરૂપ બદલાઈ જાય છે. એટલે જેમ અમુક વસ્તુની ગતિની ઉપર

જુદા જુદા જોરની અસર આપણે સરવાળા બાદબાકીના નિયમથી તપાસીયે તેમ લાગણીની અસરને આપણે તપાસી શકતા નથી. લેવડદેવડના ધારાનું જ્ઞાન તે માણસની લાગણીની અસર તપાસી વેગા કંઇ કામમાં આવતું નથી.

લૌકિક શાસ્ત્રના ધારા ખોટા છે એમ કહેવાનું કંઈ કારણ નથી. કસરતી શિક્ષક જો ધારે કે માણસને માત્ર માંસ જ છે ને હાડપિંજર નથી. ને પછી ધારા ઘડે તો ભલે તેના ધારા ખરા હોય; પણ તે ધારા હાડપિંજરવાળા માણસને લાગૂ નહિ પડે. તેમજ લૌકિક શાસ્ત્રના ધારા ખરા હોવા છતાં લાગણીથી બંધાએલ માણસને લાગૂ પડી શકતા નથી—કસરતબાજ કોઇ એમ કહે કે માણસના માંસને નોખું પાડી તેના દડા બનાવીએ, તેને લાંબુ કરી તેની દોરી બનાવીએ. પછી તે એમ પણ કહે કે તેમાં હાડપિંજર દાખલ કરીએ તો કેટલી હરકત આવશે. આવું બોલનારને આપણે ગાંડો કહીશું. કેમકે હાડપિંજરને માંસથી નોખું પાડીને કસરતના નિયમ ઘડી શકાશે નહિ. તેમજ લૌકિક શાસ્ત્રના નિયમ માણુસ જાતની લાગણી દૂર કરીને ઘડાય તો તે માણસને કામના નથી. છતાં હાલના લૌકિક વહેવાર બજાવનારા શાસ્ત્રીઓ પેલા કસરતી શિક્ષકની જેમજ કરે છે. તેઓના હિસાબ પ્રમાણે માણુસ શરીર-સંચો માત્ર છે ને તેમ ધારીને તેઓ નિયમ ઘડે છે. તેમાં જીવ છે એમ જાણે છે છતાં તેની ગણતરી કરતા નથી. આવું શાસ્ત્ર તે જેમાં-જીવ-આત્મા-રૂહ પ્રધાન છે, મુખ્ય છે. તેવા માણસને કેમ લાગૂ પડી શકે ?

અર્થશાસ્ત્ર એ શાસ્ત્ર નથી. તે નકામું છે એમ જ્યારે જ્યારે હકનાકો પડે છે ત્યારે આપણે દેખીતી રીતે જોઇ શકીએ છીએ. તેવે સમયે ધણીઓ એક વિચાર કરે છે, નોકરો બીજો કરે છે. લેવડદેવડના ધારા એકે આપણે લાગુ પાડી શકતા નથી. માણસો માથાફોડ કરી બતાવવા માગે છે કે નોકર શેઠના સ્વાર્થ એકજ દિશામાં હોય છે. તેમાંનું કંઇ તેઓ સમજતા નથી. હકીકત એમ છે કે એક બીજાનો દુન્યવી સ્વાર્થ એકજ ન હોય છતાં એક બીજાને કંઇ સમોવડીઆ રહેવાની કે થવાની જરૂર નથી એક ઘરમાં ભૂખમરો હોય. ઘરમાં મા અને તેનાં છોકરા હોય. બંનેને ભૂખ લાગી છે. આમાં બંનેનો—મા છોકરાંનો—ખાવામાં સામસામો સ્વાર્થ છે. મા ખાય તો છોકરાં ભૂખે મરે. ને છોકરાં ખાય તો મા ભૂખે રવડે. છતાં કંઇ મા ને છોકરા વચ્ચે અંતર નથી. માં વધારે જોરાવર હોવાથી પોતે રોટીનો ટુકડો ખાઈ જતી નથી. તેજ પ્રમાણે માણસો વચ્ચેના સંબંધમાં સમજવું ઘટે છે.

કદાપિ એમ ધારીએ કે માણસો અને પશુઓમાં કંઇ તફાવત નથી. આપણે પશુઓની માફક એક બીજાના સ્વાર્થને સારૂં લડવું જ જોઇએ તોપણ આપણે નિયમ બાંધીને કહી શકતા નથી કે શેઠ—નોકર વચ્ચે હમેશાં અંતર રહે કે ન રહે. સ્થિતિ પ્રમાણે તે ભાવમાં ફેરફાર થયા કરે છે. જેમકે કામ સારૂં થવું જોઇએ અને કીંમત પૂરી મળવી જોઇએ એ તો બંનેનો સ્વાર્થ છે. પણ નફાનો ભાગ તપાસતાં એકને લાભ હોય અને બીજાને ગેરલાભ થાય એમ બની શકે છે. નોકરો માંદા ને નમાલા રહે એટલો દરમાયો આપવામાં શેઠનો સ્વાર્થ નથી સચવાતો, અને જો કારખાનું બરોબર ન ચાલી

શકે તો પણ ભારે પગાર માગવો તેમાં નોકરનો સ્વાર્થ નથી સચવાતો. જો પોતાના સંચાનું પ્રેડું દુરસ્ત કરવાના પૈસા શેઠની પાસે ન હોય તો નોકરે પૂરો પગાર કે બીલકુલ પગાર માગવો એ દેખીતું ખરાબ ગણાય.

એટલે આપણે જોઇએ છીએ કે આપ–લેના ધોરણ ઉપરથી કંઇ શાસ્ત્ર ઘટાવી શકીએ એ બનવાજોગ નથી. ઇશ્વરી નિયમજ એવો છે કે પૈસાની વધઘટના ધોરણ ઉપર માણસોનો વહેવાર ન ચાલવો જોઇએ. તે વહેવારનો આધાર ન્યાયના ધોરણ ઉપર છે. એટલે માણસે સમય વર્તીને નીતિએ કે અનીતિએ પોતાનું કામ કાઢવાનો વિચાર તદ્દન છોડવોજ જોઇએ. અમૂક રીતે વર્તવાથી છેવટે શું થશે એ કોઇ માણસ હમેશાં જાણી શકતો નથી. પણ અમૂક કામ ન્યાયી છે કે અન્યાયી એટલું તો આપણે ઘણે ભાગે હમેશાં જાણી શકીએ છીએ. વળી આપણે એટલું પણ કહી શકીએ છીએ કે નીતિ માર્ગમાં ચાલવાથી પરિણામ સારૂંજ આવવું જોઇએ. તે પરિણામ શું આવશે અથવા કેવી રીતે આવશે તે આપણે કહી શકતા નથી.

નીતિ–ન્યાયના નિયમમાં અરસપરસની લાગણીનો સમાસ થઇ જાય છે. અને તે લાગણી ઉપર શેઠ નોકરના સંબંધનો આધાર રહે છે. આપણે ધારી લઇએ કે શેઠ પોતાના નોકરના પાસેથી બને તેટલું વધારે કામ લેવા ઇચ્છે છે. નોકરને ઘડીની ફુરસદ નથી આપતો, તેઓને ઓછો પગાર આપે છે, તેઓને ભંડારીઆ જેવા ઘરમાં રાખે છે. ટૂંકામાં નોકર માત્ર દેહને જીવ ભેળા રાખી શકે એટલુંજ તેને આપે છે. આમ કરવામાં કોઇ કહેશે કે શેઠ કંઇ

અન્યાય કરતો નથી. નોકરે અમૂક પગારે પોતાનો આખો વખત શેઠને આપ્યો છે ને શેઠ તે લેછે. કામ કેવું આકરૂં લેવું તેની હદ બીજાઓને જોઇને શેઠ બાંધે છે. જો નોકરને વધારે સારો પગાર મળે તો બીજી નોકરી લેવાની તેને છૂટ છે. આને આપણેના ધારા ઘડનાર અર્થશાસ્ત્ર કહે છે. અને તેઓ જણાવે છે કે આમ જેટલું બને તેટલું કામ ઓછામાં ઓછા પૈસાથી કરાવતા શેઠને લાભ મળે છે. છેવટે આખી કોમને લાભ મળે છે ને તેથી છેવટમાં નોકરને પણ લાભ મળે છે.

વિચાર કરતાં આપણે જોઇશું કે આ વાત બરોબર નથી. જો નોકર એ એક યંત્ર કે સંચો હોત અને તેને ચલાવવાને અમૂક જાતના જોરનુંજ કામ હોત તો એ હિસાબ લાગૂ પડત. પણ અહિં તો નોકરને ચલાવનારૂં જોર તેનો આત્મા છે. અને આત્માનું બળ તે અર્થશાસ્ત્રીઓના બધા નિયમોને ઊંધા વાળે છે ને તેને ખોટા પાડે છે. માણસરૂપી યંત્રમાં પૈસારૂપી કોલસા ભરવાથી વધારેમાં વધારે કામ નહિ લઇ શકાય. તેનું સરસ કામ જ્યારે તેની લાગણી ઉશ્કેરવામાં આવશે ત્યારેજ થશે. શેઠ નોકર વચ્ચેની ગાંઠ પૈસાની નહિ પણ પ્રીતિની હોવી જોઇએ.

સાધારણ રીતે એમ બને છે કે જ્યારે શેઠ હુશિયાર અને ઉત્સાહી હોય છે ત્યારે દબાણથી નોકર ઘણે ભાગે પોતાનું કામ કરે છે. વળી એમ પણ બને છે કે જ્યારે શેઠ આળસુ અને નબળો હોય છે ત્યારે નોકરનું કામ જોઇએ તેટલું નથી થતું. પણ ખરેખરો નિયમ તો એ છે કે હુશિયારીમાં એક સરખા બે શેઠ લઇશું ને

નોકરો બંને એક સરખા હદશું તો લાગણીવાળા શેઠનો નોકર લાગણી વિનાના શેઠના નોકર કરતાં વધારે ને સરસ કામ કરશે.

કોઈ કહેશે કે એ નિયમ બરાબર નથી. કેમકે માયા અને મહેરબાનીનો બદલો ઘણી વેળા ઉલટોજ મળે છે ને નોકર માથે ચડે છે. પણ એવી દલીલ વ્યાજબી નથી. જે નોકર માયાના બદલામાં બેદરકારી બતાવે છે, તે નોકર જ્યારે તેની ઉપર સખતી વાપરવામાં આવશે ત્યારે ખારીલો બનશે. ઉદાર દિલના શેઠ તરફ જે નોકર અપ્રમાણિક થશે તે નોકર અન્યાયી શેઠને નુકસાન પહોંચાડશે.

એટલે દરેક વખતે ને દરેક માણસની તરફ પરોપકારી નજર રાખવાથી સારૂંજ પરિણામ આવે છે. અહિં આપણે લાગણીનો એક જાતના જોર તરીકેજ વિચાર કરીએ છીએ. માયા એ સરસ છે તેથી હમેશાં વાપરવી એ એક જુદીજ વાત છે. તેનો આપણે અહિં વિચાર નથી કરતા. આપણે તો અહિં એટલુંજ બતાવીએ છીએ કે અર્થશાસ્ત્રના સાધારણ નિયમો જે આપણે જોઇ ગયા તે બધાને માયા લાગણી રૂપી જોર બરબાદ કરે છે. એટલુંજ નહિ પણ લાગણી એ એક જુદાજ પ્રકારનું જોર હોવાથી અર્થશાસ્ત્રોના બીજા નિયમો સાથે નથી નિભતું. પણ તે નિયમોને એક કોરે મૂકીનેજ નિભી શકે છે. જો શેઠ તાજવાસાહી હિસાબ કરે, ને બદલો મળવાના ઇરાદાથીજ માયા બતાવે તો તેને નિરાશ થવાનો સંભવ છે. માયા તે માયાને ખાતરજ બતાવાય, અને બદલો વગર માગ્યે પોતાની મેળેજ આવે છે. કહેવાય છે કે આપ મેળવતાં આપેજ મરવું જોઇએ, ને આપને રાખતાં આપ જાય છે.

પલટણ અને તેના સરદારનો દાખલો લઇએ. જો કોઇ સરદાર અર્થશાસ્ત્રોના નિયમો લાગૂ પાડીને પોતાની પલટણના સિપાઇ પાસેથી કામ લેવાને માગશે તો ધારેલું કામ તે નહિ કરી શકે. ઘણા દાખલાઓમાં જોઇએ છીએ કે જે પલટણનો સરદાર પોતાના સિપાઇના સંબંધમાં આવે છે, તેઓની સાથે માયાથી વર્તે છે, તેમના ભલાથી રીઝે છે, તેઓના દુઃખમાં ભાગ લે છે, તેઓના જાતની રખેવાળી કરે છે, ટૂંકામાં તેઓની તરફ લાગણી ધરાવે છે તે સરદાર સિપાઇઓની પાસેથી ગમે તેવું આકરૂં કામ હશે તે લઇ શકશે. ઇતિહાસિક દાખલા લેતાં આપણે જોઇએ છીએ કે જેમાં સિપાઇઓ સરદારને ચહાતા નથી ત્યાં ભાગ્યેજ લડાઇ જીતાએલી જોવામાં આવે છે. આમ સરદાર અને સિપાઇની વચ્ચે લાગણીનું જોર એ ખરૂં જોર છે. તેમ લુંટારાઓની ટોળીમાં પણ સરદારની તરફ લુંટારની ટોળી પૂરી લાગણી ધરાવે છે. તેમ છતાં મીલો વિગેરે કારખાનામાં શેઠ ચાકર વચ્ચે આવો ગાઢો સબંધ આપણે જોતા નથી. તેનું એક કારણ તો એ છે કે આવાં કારખાનાઓમાં નોકરોના પગારનો આધાર લેવડદેવડના ધારાઓ ઊપર રહે છે. એટલે શેઠ ચાકરની વચ્ચે માયા વર્તવાને બદલે અભાયા વર્તે છે. અને લાગણીને બદલે તેઓનો સંબંધ વિરોધ—સમોવડીઆ જેવો—જોવામાં આવે છે ત્યારે આપણે એ સવાલનો વિચાર કરવો રહ્યો.

એક તો લેવડદેવડનો હિસાબ કર્યા વિના નોકરોનો પગાર કેટલે દરજ્જે ઠરાવી શકાય.

બીજું એ કે જેમ જુનાં કુટુંબોમાં નોકરો હોય છે અને શેઠ નોકર વચ્ચે સંબંધ રહે છે અથવા તો પલટણમાં સરદાર સિપાઇ

વચ્ચે સંબંધ રહે છે તેમજ કારખાનાંઓમાં નોકરોની અમૂક સંખ્યા ગમે તેવો વખત આવે છતાં વધઘટ કર્યા વિના કેવી રીતે રાખી શકાય.

પહેલા સવાલનો વિચાર કરીએ. અજાયબીની વાત છે કે અર્થશાસ્ત્રીઓ કારખાનાના કામદારોના પગારની હદ રાખી શકાય એવું કરતાજ નથી છતાં આપણે જોઇએ છીએ કે ઇંગ્લાંડના વડા પ્રધાનના પદનું લિલામ કરીને વેચાણ કરતા નથી. છતાં પણ તે ગમે તેવો માણસ હોય તોયે તેને એકજ પગાર અપાય છે. તેમજ જે ઓછામાં ઓછો પગાર લે એવા માણસને પાદરી બનાવતા નથી. એટલે વૈદ વકીલોની સાથે પણ સાધારણ રીતે એવો સંબંધ રાખતા નથી. એટલે-આપણે જોઇએ છીએ કે ઉપર મુજબના દાખલામાં આપણે અમૂક હદ પ્રમાણેજ પગાર આપીએ છીએ. ત્યારે કોઇ કહેશે—શું સારા અને ખરાબ મજુરને એકજ પગાર હોય? હકીકતમાં તો એમજ જોઇએ. પરિણામ એમ આવશે કે જેમ આપણે વૈદ વકીલની એકજ ફી હોવાથી સારા વકીલ અથવા વૈદની પાસે જઇશું, તેમજ બધા મજુરોનો એક દર હોવાથી સારા કડીઆ સુતાર પાસેજ જઇશું. સારા કામદારનું ઇનામ એજ કે તેને પસંદ કરવામાં આવશે. એટલે કુદરતી અને ખરો નિયમ એજ થયો કે બધા વર્ગોમાં તે તે વર્ગોના કામના આધારે પગારની હદ બાંધવી જોઇએ. જ્યાં આવડત વગરનો માણસ ઓછો દરમાયો લઇને શેઠોને ભુલાવામાં નાખી શકે છે ત્યાં અંતે પરિણામ બુરૂંજ આવે છે.

હવે બીજા સવાલનો વિચાર કરીએ. તે એ કે વેપારની ગમે તે સ્થિતિ હોય છતાં કારખાનાંઓમાં જેટલા કામદારોને અસલ

રાખ્યા હોય તેટલાને રાખવાજ જોઇએ. જ્યારે અનિશ્ચિત રીતે કામદારોને કામ મળે છે ત્યારે તેઓને વધારે પગાર માગવોજ પડે છે. પણ જો કોઇ પ્રકારે તેઓને ખાત્રી થાય કે પોતાની નોકરી જીવતજાગત ચાલશે તો તેઓ બહુ ઓછો પગારથી કામ કરશે. એટલે દેખીતું છે કે જે શેઠ પોતાના નોકરોને કાયમને સારૂં રાખે છે તેને છેવટે ફાયદોજ થાય છે. અને જે નોકરો કાયમની નોકરી કરે છે તેને પણ ફાયદો થાય છે. આવાં કારખાનાંમાં મોટા નફા થઈ નથી શકતા. મોટા જોખમ ખેડી શકાતાં નથી. મોટા હોડ બાંધી શકાતા નથી. સિપાઇ સરદારને સારૂં મરવા તૈયાર થાય છે અને સિપાઇનો ધંધો એ સાધારણ મજુરના ધંધા કરતાં વધારે માનલાયક ગણાયો છે. ખરૂં જોતાં સિપાઇનો ધંધો કતલ કરવાનો નથી, પણ બીજાનો બચાવ કરતાં પોતે કતલ થવાનો છે. જે સિપાઇ થયો તે પોતાનો જાન પોતાના રાજ્યને સોંપી દે છે. તેજ પ્રમાણે વકીલ વૈદ અને પાદરીનું આપણે સમજીએ છીએ. તેથીજ તેઓ વધારે માનની નજરે જોઇએ છીએ. વકીલે પોતાની જીંદગી જતાં સુધી પણ ન્યાય કરવો ઘટે છે. વૈદે અનેક સંકટો સહન કરીને પણ પોતાના દરદીની સારવાર કરવી ઘટે છે. અને પાદરીએ ગમે તેમ થાય તોપણ પોતાની જમાતને બોધ આપવાનું અને તેઓને ખરો રસ્તો બતાવવાનું કામ કરવું ઘટે છે.

આમ ઉપરના ધંધાઓમાં બને છે તો વેપારવણજમાં કેમ ન થાય? વેપારની સાથે હમેશાં અનીતિ ધારી લીધેલી છે તેનું શું કારણ હશે? વિચાર કરતાં એમ જોવામાં આવે છે કે વેપારીને હમેશાં સ્વાર્થીજ માની લીધેલ છે. વેપારીનું કામ પણ પ્રજાને જરૂરનું

હોય તે છતાં એવું આપણે માની લઈએ છીએ કે તેનો હેતુ તો માત્ર પોતાની કોઠી ભરવાનોજ છે. કાયદાઓ પણ, વેપારી કેમ ઝપાટાથી પૈસા એકઠા કરે એવાજ કરવામાં આવે છે. ધોરણો-પણ એવાંજ બાંધ્યાં છે કે લેનાર ધણીએ ઓછામાં ઓછું દામ આપવું અને વેચનારે જેમ બને તેમ વધારે માગવું અને લેવું. આમ વેપારીને ટેવ પાડી છે, અને પછી લોકો પોતેજ વેપારીને તેના અપ્રમાણિકપણાને સારૂં હલકો ગણે છે. આ ધોરણ ફરવાની જરૂર છે. વેપારીએ સ્વાર્થજ સાધવો, પૈસાજ એકઠા કરવા, એવો નિયમ નથી. એવો વેપાર તેને આપણે વેપાર નહિ કહીએ, પણ ચોરી કહીશું. જેમ સિપાઇ રાજ્યને સારૂં મરે છે તેમ વેપારીએ પ્રજાના સુખને અર્થે પૈસો ગુમાવવો ઘટે અને જાન પણ ખોવો ઘટે. બધા રાજ્યમાં—

સિપાઇનો ધંધો પ્રજાનું રક્ષણ કરવાનો છે.

પાદરીનો તેને કેળવણી આપવાનો છે.

વૈદનો તેને તંદુરસ્તીમાં રાખવાનો છે.

વકીલનો અદલ ઇન્સાફ પ્રજામાં ફેલાવવાનો છે

અને વેપારીનો પ્રજાને સારૂં જોઇતો માલ પૂરો પાડવાનો છે.

આ બધા માણસોની ફરજ ઘટતે વખતે પોતાનો જાન આપવાની પણ છે. એટલે કે

પોતાની જગ્યા છોડવાને બદલે સિપાઇએ તે જગ્યામાં મરણ કબુલ રાખવું જોઇએ.

મરકીને વખતે ભાગી જવાને બદલે પોતાને મરકી થાય તો પણ વૈદે હાજર રહી દરદીઓની સારવાર કરવી જોઇએ.

ખરૂં શીખવતાં લોકો મારી નાંખે તોપણ મરતાં છતાં પાદરીએ ખોટાને બદલે ખરૂંજ શીખવવું જોઇએ.

ન્યાય થતાં મરવું પડે તોપણ ન્યાયજ થવા દેવો, એમ વકીલે કરવું જોઇએ.

આવી રીતે ઉપરના ધંધાદારીઓને મરવાનો ઘટતો વખત કયો કહેશે? આ સવાલ વેપારીએ તેમજ બધાએ વિચારવા જેવો છે. જે માણસ ઘટતા વખતે મરવા તૈયાર નથી તે જીવવું શું એ જાણતો નથી. આપણે જોઇ ગયા કે વેપારીનો ધંધો એ પ્રજાને જોઇતો માલ પૂરો પાડવાનો છે. જેમ પાદરીનો ધંધો પગાર મેળવવાનો નથી પણ શિક્ષણ આપવાનો છે તેમ વેપારીનો ધંધો નફો મેળવવાનો નથી પણ માલ પૂરો પાડવાનો છે. શીખવનાર પાદરીને રોટી મળી રહે છે, તેમ વેપારીને નફો મળી રહે છે, પણ બેમાંથી એકેનો ધંધો પગાર અથવા તો નફા ઉપર નજર રાખવાનો નથી. બન્નેએ પગાર કે નફો મળે યા ન મળે તોપણ પોતાનો ધંધો—પોતાની ફરજ—બજાવવાનો છે. આ વિચાર ખરો હોય તો વેપારી એ ઉત્તમ માનને લાયક છે. કેમકે તેનું કામ માલ સરસ પેદા કરવાનું અને પ્રજાને પોષાય તેવી રીતે પૂરો પાડવાનું રહ્યું. તેમ કરતાં તેના હાથ નીચે સેંકડો કે હજારો માણસો હોય તેઓનું રક્ષણ કરવું, તેઓની સારવાર કરવી એ પણ તેનું કામ રહ્યું. આ કરવામાં બહુ ધીરજ બહુ માયા અને બહુ ચતુરાઇ જોઇએ અને જુદાં જુદાં કામ કરતાં

તેને પણ બીજાઓની જેમ મરવું ઘટે તો તે પણ પોતાનો જાન આપે. આવો વેપારી પોતાની ઉપર ગમે તે સંકટ પડે પોતે ભિખારી થઇ જાય છતાં માલ ખરાબ નહિ વેચે અને છેતરશે નહિ. વળી પોતાના હાથ તળેના માણસોની ઉપર અત્યંત માયાથી વર્તશે. ઘણી વેળા મોટાં કારખાનાંઓમાં કે વેપારમાં જુવાનીઆઓ નોકરી લે છે તેઓ કેટલીક વેળા પોતાનાં ઘરબારથી દૂર જાય છે એટલે ક્યાં તો શેઠે માબાપ બનવું પડે છે, અથવા જો શેઠ બેદરકાર રહે તો જુવાનીયો વગર માબાપનો થઇ પડે છે એટલે પગલે પગલે વેપારીએ કે શેઠે પોતાને મનમાં એકજ સવાલ કરવો ઘટે છે. તે એ કેઃ—

"જેમ હું મારા દિકરાઓને રાખું તેમજ મારા નોકરોની તરફ વર્તું છું કે નહિ?"

એક વહાણના કપતાનની તળે ખલાસીઓ હોય તેમાં તેનો દિકરો પણ દાખલ હોય. કપતાનની ફરજ બધા ખલાસીને દિકરાની માફક ગણવાના છે. તેમજ વેપારીની નીચ ઘણા નોકરોમાં પોતાનો દિકરો પણ હોય તો તે ધંધામાં જેમ તે દિકરાની સાથે વર્તે તેમજ તેણે બાજા નોકરોની સાથે વર્તવું પડશે. આનું નામજ ખરૂં અર્થ-શાસ્ત્ર કહેવાય, અને જેમ વહાણના કપ્તાનની ફરજ વહાણ જોખમમાં આવી પડે ત્યારે પોતે સહુથી છેલ્લું તે છોડવાની છે, તેમજ દુકાળ વગેરે બીજા સંકટામાં વેપારીની ફરજ પોતાના માણસોનો બચાવ પોતાની પહેલાં કરવાની છે. આવા વિચારો કોઇને આશ્ચર્ય-કારક લાગશે, પણ તેમ લાગે એજ આ જમાનાની નવાઇ છે. કેમકે વિચાર કરતાં સહુ કોઇ જોઇ શકશે કે ખરૂં ધોરણ તો હમણાં કહી ગયા તેજ છે. જે પ્રજા ઉંચે ચડવાની છે તે પ્રજામાં બાજી જાતનું

કારણ હરગીજ ચાલી નહિ શકે અંગ્રેજી પ્રજા આજ સુધી નભી રહી છે તેનું કારણ નહિ કે તેમણે અર્થશાસ્ત્રના નિયમ જાળવેલ છે. પણ તે નિયમોનો ઘણા વિરલાઓએ ભંગ કર્યો છે અને ઉપર બતાવેલા નીતિના નિયમ તેઓએ જાળવેલા છે. તેથીજ પ્રજા આજ સુધી નભી રહી છે. એવા નીતિના નિયમોનો ભંગ કરવાથી કેવું નુકસાન થાય છે અને કેમ પ્રજાએ પાછું હઠવું પડે એ વિચાર હવે પછી કરીશું.

આપણે સાચનાં મૂળ વિષે અગાઉ કહી ગયા તેનો જવાબ અર્થશાસ્ત્રીઓ કોઇ વખત નીચે પ્રમાણે આપશે. "અરસપરસની લાગણીથી કેટલોક ફાયદો થાય એ બરોબર છે. પણ એવી જાતના ફાયદાનો હિસાબ અર્થશાસ્ત્રીઓ કરતા નથી. તેઓ જે શાસ્ત્રનો વિચાર કરે છે તેમાં તો કઇ રીતે પૈસાદાર થવું એનોજ વિચાર પાળે છે તે શાસ્ત્ર ખોટું નથી એટલુંજ નહિ પણ અનુભવે તે અસરકારક છે એમ જોઇ શકાય છે જેઓ તે શાસ્ત્ર પ્રમાણે ચાલે છે તેઓ ચોકસ દોલતવાન થાય છે, અને જેઓ તે પ્રમાણે નથી ચાલતા તે ગરીબ થાય છે. યુરોપના બધા ધનાઢ્ય માણસોએ આ શાસ્ત્રના નિયમો પ્રમાણે ચાલીને પૈસો એકઠો કર્યો છે. આની સામે દલીલો લાવવી તે નકામું છે. દરેક અનુભવી માણસને ખબર છે કે પૈસો કેમ મળે છે ને કેમ જાય છે."

આ બરોબર નથી. વેપારીવર્ગ પૈસા કમાય છે પણ તે બરોબર કમાયા કે નહિ અને તેમાં કોમનું ભલું થયું કે નહિ તે તેઓ નથી જાણી શકતા. પૈસાદાર એ શબ્દનો અર્થ પણ તેઓ ઘણી વેળા નથી સમજતા. જ્યાં તવંગર હોય ત્યાં ગરીબ હોય એ વાતનું તેઓ

ને ભાન હોતું નથી. ઘણી વેળા માણસો ભૂલથી એમ માને છે કે અમૂક ધોરણે ચાલીને બધા માણસો તવંગર થઇ શકે. ખરૂં જોતાં તે કુવાના ચકકર જેમ છે. એક ખાલી થાય કે બીજું ભરાય છે તમારી પાસે એક રૂપીઓ હોય તેની સત્તા, બીજા જેની પાસે તેટલું નહિ હોય તેની ઉપર છે. જો સામેના માણસને તે રૂપીઆની ગરજ નહિ હોય, તો તમારી પાસેનો રૂપીઓ નકામો છે. તમારા રૂપીઆની સત્તા તે તમારા પાડોશીની તંગી ઉપર છે. **જ્યાં તંગી ત્યાંજ તવંગરી નભી શકે.** એટલે અર્થ એવો થયો કે એક માણસને તવંગર થવુ તો સામેનાને તંગીમાં રાખવો.

સાર્વજનિક અર્થશાસ્ત્રનો માયનો એ છે, કે ખરે વખતે ને ખરી જગ્યાએ જરૂરી ને આનંદદાયક વસ્તુઓ પેદા કરવી, તેને સાચવવી ને તેની આપલે કરવી. જે ખેડુત વખતસર પાક ઉતારે છે, જે ચુનારો ચણતર બરોબર કરે છે, જે સુતાર લકડકામ બરોબર કરે છે. જે ઓરત પોતાનું રસોડું બરોબર રાખે છે તે બધાને ખરા અર્થ-શાસ્ત્રી જાણવા. તે બધા પ્રજાની દોલતમાં વધારો કરનારા છે. એથી ઉલટું શાસ્ત્ર તે સાર્વજનિક ન કહેવાય. તેમાં તો એક માણસ માત્ર ધાતુ એકઠી કરે છે ને બીજાને તેની તંગાસમાં રાખી તે ધાતુનો ઉપયોગ કરે છે. આવો ઉપયોગ કરનારા પોતાનાં ખેતરો તથા ઢોર ઢાંખરના કેટલા રૂપીઆ આવશે એમ વિચારી તેટલા પૈસાદાર પોતાને માને છે. તેઓ પોતાના રૂપીઆની કીંમત ખેતર અને ઢોર મળી શકે તટલી છે એમ વિચારતા નથી. વળી તે માણસો ધાતુનો રૂપીઆનો–સંગ્રહ કરે છે તેઓ કેટલા મજુરો મેળવી શકાશે એવો વિચાર કરે છે. હવે આપણે ધારી લઇએ કે અમૂક માણસ પાસે

સોનું, રૂપું દાણો વિગેરે છે. તેના માણસને નોકરોની ગરજ પડશે. પણ જો તેના પડોશીમાં કોઇને સોના રૂપાની કે દાણાની જરૂર નહિ હોય તો તેને નોકર મળવો મુસ્કેલ પડશે. એટલે પેલા પૈસાદાર માણસે પોતે પોતાની રોટી પકાવવી પડશે; પોતે પોતાના કપડાં શીવવાં પડશે, પોતે પોતાનું ખેતર ખેડવું પડશે. તે માણસને તેના સોનાની કીંમત તેની જમીનમાંની પીળી કાંકરી જેટલી પડશે. તેનો દાણો સડશે. કેમકે તે કંઇ તેના પડોશી કરતાં વધારે ખાનારો નથી એટલે તે માણસે બીજાની માફક સખત મજુરી કરીનેજ પોતાનો ગુજારો કરવો પડશે. આવી સ્થિતિમાં ઘણા માણસો સોનું, રૂપું એકઠું કરવા નહિ માગે. ઉંડો વિચાર કરીશું તો આપણે જોઇશું કે પૈસા મેળવવા તેનો અર્થ એ છે કે બીજા માણસોની ઉપર સત્તા મેળવવી,—આપણા સુખને સારૂ ચાકરની, વેપારીની કે કારીગરની મજુરી મેળવવી અને આવી આશા સામેના માણસોની ગરીબાઇના પ્રમાણમાંજ આપણને મળી શકશે. એક સુતારને જો તેને રાખનાર એકજ માણસ હશે તો તે સુતાર જે મળશે તે રોજ લેશે. જો તેને રાખનાર બેચાર માણસ હશે તો જે વધારે રોજ આપશે તેને ત્યાં તે સુતાર જશે. એટલે પરિણામ એવું આવશે, કે પૈસાદાર થવું એનો અર્થ એ થયો કે જને તેટલા માણસોને આપણા કરતાં વધારે તંગીમાં રાખવા. અર્થશાસ્ત્રીઓ ઘણી વેળા માની લે છે કે આ પ્રમાણે રૈયતને તંગીમાં રાખવાથી પ્રજાને લાભ છે. બધા માણસો સરખા થાય એમ તો બને તેવું નથી. પણ ગેર વ્યાજબી રીતે માણસોમાં તંગી પેદા કરવાથી પ્રજા દુઃખી થાય છે. કુદરતી રીતે તંગી અને ભરાવો રહેવાથી પ્રજા સુખી થાય છે ને સુખી રહે છે.

૨ દોલતની નસો.

આમ અમુક પ્રજામાં પૈસાનું ચકકર તે બદનમાં લોહીના ફરવાની માફક છે. લોહી ઝપાટાથી ફરે છે તે કયાંતો તંદુરસ્તી અને કસરતની નિશાની હોય અથવા તો શરમ ઉપજવાની કે તાવની નિશાની હોય. શરીરની ઉપર એક જાતની લાલી તે તંદુરસ્તી બતાવે છે. બીજી લાલી તે ખાંસણીના રોગનું ચિન્હ હોય. વળી એક જગ્યાએ લોહીનો ભરાવો વાય તો શરીરને નુકસાન થાય છે. તેમ એક જગ્યાએ પૈસાનો ભરાવો થાય તે પ્રજાની નુકસાનીનું કારણ થઇ પડે છે.

ધારો કે બે ખલાસી વહાણ ભાંગવાથી એક વેરાન કિનારા ઉપર આવી પડયા છે. ત્યાં તેઓને પોતાની મહેનતે પોતાનો ખોરાક વિગેરે નીપજાવવો પડે છે. જો તેઓ બન્ને તંદુરસ્ત રહી સાથે કામ કરે તો સારૂં ઘર બાંધે, ખેતર ખેડે ને ભવિષ્યમાં કંઇક બચાવે આને આપણે ખરી દોલત કહી શકીએ. અને જો બન્ને સારી રીતે કામ કરે તો બન્નેનો તેમાં સરખો હિસ્સો ગણાય. એટલે તેઓને જે શાસ્ત્ર લાગૂ પડયું તે એજ કે તેઓના મહેનતનાં ફળ તેઓને વહેંચી લેવાનો હક થયો. હવે ધારો કે થોડી મુદત પછી તેમાંથી એક જણને અસંતોષ થયો. તેથી તેઓએ જમીનના ભાગ પાડયા ને દરેક જણ પોતાને હિસાબે ને પોતાની મેળે કામ કરવા લાગ્યો. વળી ધારો કે અણીને વખતે એક જણ માંદો પડયો. એમ થવાથી બીજાને પોતાની મેળે મદદે બોલાવશે. ત્યારે બીજો કહી શકશે; "હું એટલું કામ તમારે સારૂં કરવા તૈયાર છું. પણ એવી શરતે કે જ્યારે કામ પડે ત્યારે તમારે મારે સારૂં તેટલુંજ કરવું. તમારે મને લખી

આપવું પડશે કે જેટલા કલાક હું કામ કરૂં, તેટલા કલાક તમારે મારી જમીન ઉપર ખપ પડ્યે કામ કરવું." વળી ધારો કે માંદાની માંદગી લાંબી ચાલી ને દરેક વેળા એ પેલા સાજા માણસને ઉપર પ્રમાણે લખત આપવું પડ્યું. ત્યારે માંદો સાજો થાય ને વેળા દરેક જણની શી સ્થિતિ થઇ? બન્ને જણ ગરીબ થયા ગણાય. કેમકે માંદો માણસ ખાટલે રહ્યો ને દરમિયાન તેના કામનો લાભ ન મળ્યો. પેલો ભાઇબંધ ખૂબ વધારે કામ કરનારો છે એમ પણ માની લઇએ. છતાં તેણે જેટલો વખત માંદાની જમીનને આપ્યો તેટલો પોતાની જમીનમાંથી ગયો એ તો ચોકસ વાત ઠરી. એટલે બન્ને જણાની જે મિલકત હોવી જોઇએ તેમાં ઘટાડો થયો.

એટલુંજ નહિ પણ દરેક જણ વચ્ચેનો સંબંધ બદલાયો. માંદો માણસ પેલાનો કરજદાર થયો. ને પોતાની મજુરી આપીનેજ પોતાનું અનાજ લઇ શકે. હવે ધારો કે સાજા માણસે પોતાને મળેલા દસ્તાવેજનો ઉપયોગ કરવા ધાર્યું. જો તેમ કરે તો તે પોતે તદન આરામ લઇ શકે—આળસુ થઇ શકે; તેની મરજી પડે તો સાજા થએલા માણસની પાસેથી બીજાં લખત લે એમાં કંઇ ગેરકાયદેસર થયું એમ કોઇ નહિ કહી શકે. હવે જો કોઇ પરદેશી ચડી આવે તો તે જોશે કે એક માણસ દોલતવાન થયો છે ને બીજો માંદો પડ્યો છે તે વળી એશઆરામ કરતો આળસમાં પડ્યો રહે છે ને બીજો મજુરી કરતો છતો તંગી ભોગવે છે. આમાંથી વાંચનાર જોઇ શકશે કે બીજાની મજુરી મેળવવાના હકનું પરિણામ એ આવે છે કે ખરી દોલતનો ઘટાડો થાય છે.

હવે બીજો દાખલો લઇએ. ત્રણ જણે એક રાજ્ય સ્થાપ્યું ને ત્રણે

જણ નોખા રહેવા લાગ્યા. દરેકે જુદો જુદો પાક ઉતાર્યો કે જેનો ઉપયોગ બધા કરી શકે. વળી ધારો કે તેમાંથી એક માણસે બધાના વખતનો બચાવ કરવા સારૂં પોતે ખેતી છોડીને એકનો માલ બીજાને પહોંચાડવાનું માથે લીધું ને બદલામાં અનાજ લેવાનું ઠરાવ્યું. જો આ માણસ નિયમસર માલ લાવી લઇ જાય તો બધાને લાભ થાય. હવે ધારો કે આ માણસ માલની આપ લે કરવામાં ચોરી કરે છે. પછી તંગીનો વખત આવે છે તે વેળા તે દલાલ પોતે ચોરેલો દાણો બહુ આકરે ભાવે આપે છે. આમ કરતાં છેવટે તે માણસ બેઉ ખેડુતને ભિખારી કરી મૂકી શકે છે ને છેવટ તેઓને પોતાના મજુર બનાવે.

ઉપરનો દાખલો ચોકખો અન્યાય બતાવે છે. છતાં આબજ હાલના વેપારીઓનો મામલો ચાલે છે. વળી આપણે એમ પણ જોઇ શકીશું કે આવ ચોરીનો બનાવ બન્યા પછી ત્રણે જણની મિલકત એકઠી કરશું તો પેલો માણસ પ્રમાણિક હોત ને થાત તેના કરતાં ઓછી થશે. પેલા બે ખેડુતોનું કામ ઓછું થયું. તેઓને જોઇતી ચીજો નહિ મળવાથી તેમની મહેનતનું સંપૂર્ણ ફળ તેઓ નહિ લાવી શકયા. અને પેલા ચાર દલાલના હાથમાં જે ચોરીનો માલ આવ્યો તેનો પૂરો ને સરસ ઉપયોગ નહિ થયો.

એટલે આપણે ગણિતના જેવો હિસાબ કરી શકીએ છીએ કે અમૂક પ્રજાની દોલત તપાસતાં તે દોલત કેમ મળી છે તેની ઉપર, તેને પૈસાદાર ગણવી કે નહિ તેનો આધાર રહ્યો છે. પ્રજાની પાસે આટલા પૈસા છે તેથી તે તેટલી પૈસાદાર છે એમ નહિ કહી શકાય. અમૂક માણસના હાથમાં અમૂક પૈસા તે ખંત, હોશિયારી, ને

આબાદાનીની નિશાની હોય; અગવા તે નાશકારક મોજ મજા, અતિ જુલમ અને દગાની નિશાની હોય. અને આમ હિસાબ કરવો તે માત્ર નીતિ બતાવે છે. એક દોલત એવી છે, જે પેદા થતાં બીજી દશ ગણી થઇ હોય. બીજી એવી કે એક માણસના હાથમાં આવતાં દશગણીનો નાશ થયો હોય.

એટલે નીતિ અનીતિનો વિચાર કર્યા વિના દોલત એકઠી કરવાના ધારા ઘડવા એ તો માત્ર માણસની મગરૂરી બતાવનારી વાર્તા થઇ. "સસ્તામાં સસ્તું ખરીદી મોંઘામાં મોંઘું વેચવું," એવો નિયમ છે તેના જેવું બીજું કશું માણસને નામોશી લગાડનારૂં નથી. 'સસ્તામા સસ્તું લેવું' એતો સમજ્યા પણ ભાવ કેમ ઘટયા ? આગ લાગ્યા પછી બારોટીયા બળીને થએલા કોલસા સોંઘા હોઇ શકે છે. ધરતીકંપ થયાથી પડી ગએલા ઘરની ઇંટો સોંઘી હોઇ શકે છે. પણ તેથી આગ અને ધરતીકંપ એ પ્રજાના લાભને સારૂ થયાં એમ કહેવાની કોઇની હિંમત નહિ ચાલે. વળી "મોંઘામાં મોંઘું વેચવું" એ સમજ્યા. પણ મોંઘવારી કેમ આવી ? રોટીનું દામ તમને આજે સારૂં મળ્યું. પણ તમે શું તે દામ, મરતા માણસની છેલ્લી કોડી લઇને લીધું ? અથવા તો તમે તે રોટી કોઇ શાહૂકારને આપી કે જે કાલે તમારૂં બધું પડાવી લેશે ? કે શું તમે તે કોઇ સિપાઇને આપી કે જે સિપાઇ તમારી બેંક લૂંટવા જનારો છે ? આમાંના એકે સવાલનો જવાબ તમે વખતે ન આપી શકો એવું બની શકે છે. કેમકે તમે જાણતા નથી. પણ તમે વ્યાજબી દામે નીતસર વેચી કે નહિ તે તો કહી શકો છો. અને વ્યાજબી ન્યાયનીજ દરકાર રાખવાની જરૂર છે. તમારા

કામથી કોઇને દુઃખ ન થાય એટલુંજ જાણવું ને તે પ્રમાણે કરવુ એ તમારી ફરજ છે.

આપણે જોઈ ગયા કે પૈસાની કિંમત, માણસોની મજુરી તે વડે મેળવવા ઉપર છે. જો મજુરી મફત મળી શકે તો પૈસાની ગરજ રહેતી નથી. પણ માણસોની મજુરી વગર પૈસે મળી શકે એવા દાખલા જોવામાં આવે છે. અને પૈસાબળ કરતાં બીજું નીતિબળ વિશેષ કામ કરે છે એવા દાખલા આપણે જોઇ ગયા. પૈસા જ્યાં કામ નથી કરી શકતા ત્યાં સદ્‌ગુણ કામ કરે છે એમ આપણે જોયું ઇંગ્લાંડમાં ઘણી જગોએ પૈસાથી માણસોને ભોળવી શકાતા નથી.

વળી જો આપણે કબુલ કરીશું કે માણસોની પાસેથી કામ લેવાની શક્તિ તે દોલત છે, તો આપણે એમ પણ જોઇ શકીએ કે તે માણસો જેટલે દરજ્જે હુશિયાર અને નીતિવાન હોય તેટલે દરજ્જે દોલતનુ માપ વધ્યું. એમ વિચારતાં આપણે જોઇશું કે ખરી દોલત તે સોનું રૂપું નથી પણ માણસો પોતે છે. **દોલતની ખોળ ધરતીના આંતરડાંનાં નથી કરવાની, પણ માણસના દિલમાં કરવાની છે.** અને એ વાત ખરી હોય તો અર્થશાસ્ત્રીનો ખરો નિયમ તો એ થયો કે જેમ બને તેમ માણસોને તનમાં, મનમાં ને માનમાં આરોગ્ય રાખવા. એવો અવસર પણ આવે કે જ્યારે ઇંગ્લાંડ ગોવળકોંડાના હીરાથી ગુલામોને શણગારી પોતાની દોલતનો દેખાવ કરવાને બદલે, ખરા ગ્રીસના નામાંકિત માણસે કહેલું તેની માફક પોતાનાં નીતિવાન મહાપુરૂષોને બતાવીને કહી શકે કે,

"આ મારી દોલત છે."

૩ અદલ ન્યાય.

ઇસ્વી સન પૂર્વે કેટલાક સેકા ઉપર એક યહુદી વેપારી થઇ ગયો. તેનું નામ સોલોમન હતું. તેણે ઘણો પૈસો મેળવ્યો હતો અને તે ઘણો પ્રખ્યાત થયો હતો. તેની કહેવતો આજ પણ યુરોપમાં ચાલી રહેલી છે. વેનીસના લોકો તેને એટલો ચહાતા કે તેઓએ વેનીસમાં તેનું બાવલું ઉભું કરેલું જો કે એની કહેવતો આ જમાનામાં ગોખી રાખવામાં આવે છે છતાં તે પ્રમાણે ચાલનારા બહુ થોડા આદમીઓ છે તે કહે છે કે "જેઓ જૂઠું બોલીને પૈસો કમાય છે તેઓ મગરૂર છે ને તેઓના મોતની એ નિશાની છે" વળી બીજી જગ્યાએ તેણે કહ્યું છે કે "હરામખોરોની દોલત કંઇ ફાયદો કરતી નથી. સત્ય એ મોતમાંથી બચાવે છે." આ બંન્ને કહેવતોમાં સોલોમન બતાવ્યું છે કે અન્યાયે મેળવેલી દોલતનું પરિણામ મોત છે. આ જમાનામાં જૂઠું અને અન્યાય એવી સરસ રીતે બોલવામાં તથા કરવામાં આવે છે કે આપણે સાધારણ રીતે તે કહી શકતા નથી. જેમકે જૂઠી જાહેરખબરો નાખવામાં આવે છે વસ્તુઓની ઉપર માણસ ભોળવાય તેવાં નામ ચોંટાડવામાં આવે છે, વિગેરે.

વળી તે ડાહ્યો માણસ કહે છેઃ "જેઓ દોલત વધારવાને ગરીબોને પીડે છે તે છેવટે ભીખ માગતા થશે." વળી તે કહે છેઃ "ગરીબોને સતાવો નહિં. કેમકે તેઓ ગરીબ છે. વેપારમાં પીડાએલાની ઉપર જુલમ ન કરો, કેમકે જેઓ ગરીબને સતાવશે તેઓને ખુદા સતાવશે." છતાં હાલ તો વેપારમાં મૂએલા ઉપરજ પાટુ મારવામાં આવે છે. જે માણસ ભીડમાં આવ્યો હોય તેનો લાભ લેવા આપણે

તૈયાર થઈ જઈએ છીએ. ધાડ પાડુઓ તવંગર ઉપર ધાડ પાડે છે. પણ વેપારમાં તો ગરીબોને લૂંટવામાં આવે છે.

વળી સોલોમન કહે છે: "તવંગર અને ગરીબ બંને સરખા છે. ખુદા તેઓનો પેદા કરનાર છે. ખુદા તેઓને જ્ઞાન આપે છે." તવંગરને ગરીબ વિના અને ગરીબને તવંગર વિના ચાલતું નથી. એક બીજાનો ખપ હમેશાં રહેલો છે. એટલે કોઇ કોઇને ઉંચો નીચો કહી શકે તેવું નથી; પણ જ્યારે આ બંને પોતાનું એકસરખાપણું ભૂલી જાય છે, ને ખુદા તેઓને સમજ દેનારો છે એ વાતનું ભાન જતું રહે છે ત્યારે વિપરીત પરિણામ આવે છે.

દોલત નદીઓના જેવી છે. નદી હમેશાં દરિયા તરફ એટલે નીચાણમાં જાય છે. તેમ દોલત પણ હમેશાં જ્યાં જરૂર હોય તેવી જગ્યાએ જવી જોઇએ એવો નિયમ છે. પણ જેમ નદીની ગતિમાં ફેરફાર થઇ શકે છે, તેમ દોલતની ગતિમાં પણ ફેરફાર થઇ શકે છે. ઘણી નદીઓ જ્યાં ત્યાં વહે છે ને તેની આસપાસ ઘણું પાણી હોઇ ઝેરી હવા પેદા થાય છે. તેજ નદીઓને બંધ બાંધી તેનું પાણી જ્યાં જરૂર જણાય ત્યાં વહે તેમ કરવામાં આવે, તો તેજ પાણી જમીનને સરળ કરે છે, ને આસપાસની હવા સુંદર કરે છે. તેમજ દોલતનો ગમે તેમ ઉપયોગ થાય તો તેથી માણસોમાં દુષ્ટતા વધે, ભૂખમરો ચાલે, ને ટૂંકામાં તે દોલત ઝેર સમાન ગણાય. પણ જો તેજ દોલતની ગતિને બાંધવામાં આવે, તેને નિયમસર વાપરવામાં આવે તો બાંધેલી નદીની જેમ તે દોલત સુખાકારી નીપજાવે છે.

અર્થશાસ્ત્રીઓ દોલતની ગતિ રોકવાનો નિયમ તદન ભૂલી જાય છે. તેઓનું શાસ્ત્ર તે માત્ર દોલત મેળવવાનું શાસ્ત્ર છે. પણ દોલત

તો ઘણી રીતે મેળવાય છે. એક જમાનો એવો હતો કે જ્યારે યુરોપમાં લોકો પૈસાદારને ઝેર આપી તેના પૈસા લઇ પોતે પૈસાદાર થતા. આ જમાનામાં ગરીબ લોકોને સારૂ જે ખોરાક તૈયાર કરવામાં આવે છે તેમાં વેપારીઓ ભેળવણી કરે છે. જેમકે દૂધમાં ટંકણખાર નાખે છે, આટામાં પરેટા નાખે છે, તેમજ કોફીમાં ચીકરી, માખણમાં ચરબી વિગેરે. આ પણ ઝેર દઇને પૈસાદાર થવા જેવું છે. આને આપણે પૈસાદાર થવાનો હુન્નર અથવા તેનું શાસ્ત્ર કહીશું ?

પણ અર્થશાસ્ત્રીઓ લૂંટીને પૈસાદાર થવું તદ્દન કહેતા હોય એમ નહિ માનવું જોઇએ. તેઓએ કહેવું જોઇએ કે તેઓનું શાસ્ત્ર, કાયદેસર અને ન્યાયી રસ્તે પૈસાદાર થવું એ છે. ઘણી વસ્તુ કાયદેસર હોય છતાં ન્યાયબુદ્ધિથી ઉલટી હોય એવું આ જમાનામાં બને છે. એટલે ન્યાયની રીતે દોલત મેળવવી એજ ખરો રસ્તો ગણાય. અને જો ન્યાયથીજ દોલત મેળવવી એ ખરૂં હોય તો માણસનું પ્રથમ કામ ન્યાયબુદ્ધિ શીખવાનું છે. માત્ર આપલેના કાયદાથી કામ લેવું કે વેપાર કરવો એટલુંજ નથી. માછલાં, વરૂ, ઉંદર એજ રીતે રહે છે. મોટી માછલી નાની માછલીને ખાય છે, ઉંદર નાના જંતુને ખાય છે, વરૂ માણસ સુદ્ધાને ખાય છે. તેઓનો એજ કાયદો છેઃ તેઓને બીજી સમજ નથી. પણ ખુદાએ માણસને સમજ આપી છે, ન્યાયબુદ્ધિ આપી છે. તેની રૂએ તેણે બીજાઓને ખાઇ જઇ—તેઓને છેતરી તેઓને ભિખારી કરી—પોતે પૈસાદાર થવાનું નથી.

ત્યારે હવે આપણે જોવાનું છે કે મજુરોને મજુરી આપવાનો ન્યાય તે શું ?

આપણે અગાઉ કહી ગયા કે મજુરને વ્યાજબી પગાર એ ગણાય, કે જેટલી મજુરી તેણે આજે આપણે સારૂ કરી, તેટલી મજુરી આપણે તેને જોઇએ ત્યારે આપીએ. જો તેને ઓછી મજુરી મળે, તો ઓછો, ને વધારે મજુરી મળે તો વધારે બદલો.

એક માણસને મજુર જોઇએ છે. તેને બે જણ પોતાની મજુરી આપવા કહે છે. હવે જે ઓછું લે, તેને મજુરી આપી હોય તો તે માણસને ઓછું મળશે. જો વધારે માણસ માંગનાર હોય ને મજુર એકજ હોય તો તેને માંગ્યું દામ મળશે ને તે મજુરને ઘણે ભાગે જોઇએ તે કરતાં વધારે મજુરી મળશે. આ બેઉના વચ્ચેની રકમ તે વાજબી મજુરી ગણાશે.

મને કોઇ માણસ પૈસા ઉછીના આપે ને તે મારે અમુક મુદ્દત પછી દેવા હોય તો તે માણસને વ્યાજ આપીશ, તેમજ આજે મને કોઇ પોતાની મજુરી આપશે તો તે માણસને મારે તેટલીજ મજુરી અને તેથી કંઇક વધારે વ્યાજ બદલ આપવું જોઇએ. આજે મારે સારૂ કોઇ માણસ એક કલાક કામ કરે તો તેને સારૂ મારે એક કલાકને પાંચ મીનીટ કે તેથી વધારે કામ કરવાનું વચન આપવું જોઇએ. આમ દરેક મજુરને વિષે સમજવું.

હવે જો મારી પાસે બે મજુર આવે ને તેમાંથી એક જે ઓછું લેશે તેને હું કામે લગાડું. તો પરિણામ એ આવશે કે જેને મેં કામે લગાડયો તે અડધો ભુખ્યો રહેશે ને જે રોજગાર વિના રહ્યો તે તો એમજ રહેશે. જે મજુરને હું રાખું તે મજુરને બરોબર

દાડીયું આપું તો પણ બીજો મજુર ધંધા વિના રહેશે, છતાં જેને મેં રાખ્યો છે તેને ભૂખે મરવાનું નહિ થાય અને મેં મારા પૈસાનો વ્યાજબી ઉપયોગ કર્યો ગણાશે. ખરેખરો ભૂખમરો જ્યારે ઓછું દાડીયું દેવામાં આવે છે ત્યારેજ દાખલ થાય છે. જો હું વ્યાજબી મજુરી આપું તો મારી પાસે નકામી દોલત એકઠી નહિ થાય. હું મોજ મજામાં પૈસો નહિ વાપરૂં, ને મારે હાથે ગરીબાઇ નહિ વધે. જેને હું વ્યાજબી દામ આપીશ તે માણસ બીજાને વ્યાજબી આપતાં શીખશે ને એમ ન્યાયનો ઝરો સુકાઇ જવાને બદલે જેમ આગળ ચાલશે તેમ જોર લેશે, અને જે પ્રજામાં આ પ્રમાણે બુદ્ધિ હશે તે પ્રજા સુખી હશે ને ઘટતી આબાદ થશે.

આ વિચાર પ્રમાણે અર્થશાસ્ત્રીઓ ખોટા પડે છે. તેઓ કહે છે કે જેમ હરિફાઇ વધે, તેમ પ્રજા આબાદ થાય. હકીકતમાં આ વાત ભૂલભરેલી છે. હરિફાઇનો હેતુ મજુરીનો દર ઘટાડવાનો છે. ત્યાં પૈસાદાર વધારે પૈસો એકઠો કરે છે, ને ગરીબ વધારે ગરીબ થાય છે આવી હરિફાઇથી છેવટે પ્રજાનો નાશ થવાનો સંભવ છે. આપણેનો કાયદો તો એ હોવો જોઇએ, કે દરેક માણસને તેની લાયકાત મુજબ દાડીયું મળ્યા કરે. આમાં પણ હરિફાઇ રહેશે છતાં પરિણામ એવું આવશે, કે માણસો સુખી અને હુશિયાર થશે કેમકે પછી તો મજુરી મેળવવાને સારૂ પોતાનો દર ઓછો કરવો પડશે એમ નથી પણ કામ મેળવવાને સારૂ હુશીયાર થવું પડશે. એજકારણથી લોકો સરકારી નોકરી મેળવવા તૈયાર થાય છે., ત્યાં દરજ્જા પ્રમાણે દરમાયા બાંધેલા હોય છે હરિફાઇ માત્ર હુશીઆરીની હોય છે અરજદાર ઓછો પગાર લેવાનું નથી કહેતો પણ પોતાનામાં બીજાના

કરતાં વધારે ચાતુરી છે એમ બતાવે છે. નૌકા સૈન્યમાં અને સિપાઇની નોકરીમાં એવોજ નિયમ જાળવવામાં આવે છે. અને તેથીજ ઘણે ભાગે તેવાં ખાતાંઓમાં ગડબડ અને અનીતિ ઓછાં જોવામાં આવે છે. છતાં વેપારીમાંજ ખોટી હરીફાઇ રહી છે અને તેના પરિણામે દગો; લુચ્ચાઇ, ચોરી વિગેરે અનીતિ વધી પડી છે. બીજી તરફથી જે માલ તૈયાર થાય છે તે ખરાબ ને સડેલો હોય છે. વેપારી જાણે હું ખાઉં, મજૂર જાણે કે હું ભેતરૂં ને ઘરાક જાણે હું વચમાંથી કમાઇ લઉં. આમ વહેવાર બગડે છે, ને માણસોમાં ખટપટ ઉભી થાય છે; ભૂખમરો જામે છે, હડતાલો વધી પડે છે, શાહુકાર લફંગા બને છે, ને ઘરાકો નીતિ સાચવતા નથી. એક અન્યાયમાંથી બીજા ઘણા પેદા થાય છે ને અંતે શાહુકાર વાણોતર ને ઘરાક બધા દુઃખી થાય છે ને પાયમાલ થાય છે. જે પ્રજામાં આવા રિવાજ ચાલે છે તે પ્રજા અંતે હેરાન થાય છે. પ્રજાનો પૈસોજ ઝેર થઇ પડે છે.

તેથીજ જ્ઞાનીઓએ કહ્યું છે કે **જ્યાં પૈસો પરમેશ્વર છે, ત્યાં ખરા પરમેશ્વરને કોઇ પૂજતું નથી.** દોલત અને ખુદાને અણબનાવ છે. ગરીબના ઘરમાંજ ખુદા વસે છે. આમ અંગ્રેજી પ્રજા મોઢેથી બોલે છે છતાં વહેવારમાં પૈસાને સર્વોપરી પદ આપે છે. પ્રજાના પૈસાદાર માણસની ગણતરી કરી પ્રજાને સુખી માને છે. ને અર્થશાસ્ત્રીઓ પૈસો જલદીથી કેમ કમાવો તેના કાયદા ઘડે છે, કે જે શીખીને પ્રજા પૈસો મેળવે. ખરૂં અર્થશાસ્ત્ર તો ન્યાયબુદ્ધિનું છે. દરેક સ્થિતિમાં રહી ન્યાય કેમ કરવો નીતિ કેમ જાળવવી

એ શાસ્ત્ર જે પ્રજા શીખે છે તેજ સુખી થાય. બાકી તો ફાંફાં છે. ને વિનાશકાળે વિપરીત બુદ્ધિ જેવું બને છે. પ્રજાને ગમે તેમ કરી પૈસાદાર થતાં શીખવવું તે વિપરીત બુદ્ધિ શીખવવા જેવું છે.

પ્રકરણ ૪ થું.

ખરૂં શું ?

ગયા ત્રણ પ્રકરણમાં આપણે જોઇ ગયા કે અર્થશાસ્ત્રીના જે સાધારણ નિયમો ગણાય છે તે વ્યાજબી નથી તે નિયમો પ્રમાણે ચાલવાથી માણસો અને પ્રજા દુઃખી થાય છે. ગરીબ વધારે ગરીબ બને છે અને પૈસાદારની પાસે પૈસો વધારે એકઠો થાય છે; છતાં એમાંથી એકે સુખી થતા કે રહેતા નથી.

અર્થશાસ્ત્રીઓ માણસોની વર્તણુંક ઉપર વિચાર નહિ કરતાં જેમ વધારે પૈસો એકઠો થાય તેમ વધારે આબાદાની માને છે. ને પ્રજાના સુખનો આધાર માત્ર પૈસા ઉપર રાખે છે તેથી તેઓ શીખવે છે કે જેમ કારીગરી વિગેરેના વધારાથી પૈસો એકઠો થાય તેમ સારૂં. આવા વિચારોના ફેલાવાથી ઇંગ્લાંડમાં ને બીજા મુલકોમાં કારખાનાં વધી પડયાં છે. બહુ માણસો શહેરોમાં એકઠા થાય છે. ને ખેતરો છોડી દે છે. બહારની સુંદર અને સ્વચ્છ હવા છોડી કારખાનાંઓની ગંદી હવા આખો દહાડો શ્વાસમાં લઇ સુખ માને છે. પરિણામે પ્રજા નબળી પડતી જાય છે; લોભ વધતો જાય છે. અનીતિ વધારે ફેલાય છે. અને જ્યારે અનીતિ કહાડવાની વાત કરવા બેસીએ ત્યારે

પ્રજામાં ખપતા માણસો વાત કરે છે કે અનીતિ જાય નહિ, અજ્ઞાની માણસોમાં એકદમ જ્ઞાન આવે નહિ, તેથી જેમ ચાલે છે તેમ ચાલવા દેવું. આવી દલીલ કરતાં તેઓ ભૂલી જાય છે કે ગરીબોની અનીતિનું કારણ તવંગર માણસો છે. તેઓને ખાતર–તેઓની મોજમજા પૂરી પાડવા ખાતર ગરીબ મજુરો રાત દહાડો ગુલામગીરી કરે છે. તેઓને શીખવા કે સારૂં કામ કરવા એક પળ મળતી નથી. તવંગરને જોઇ તેઓ પણ તવંગર થવા માગે છે. તવંગર નથી થવાતું તેથી તેઓ કચવાય છે, ગુસ્સે થાય છે. પછી ભાન ભૂલે છે ને છેવટે સારે રસ્તે પૈસો ન મળવાથી દગો કરી પૈસો મેળવવાનાં ફાંફાં મારે છે. આમ પૈસો અને મજુરી બંને ફોકટ જાય છે, અથવા દગો ફેલાવવામાં વપરાય છે.

હકીકતમાં ખરી મજુરી એ કે જેથી ઉપયોગી વસ્તુ પેદા થાય. ઉપયોગી વસ્તુ એ કે જેથી માણસ જાતનું ભરણ પોષણ થાય. ભરણ પોષણ એ કે જેથી માણસને જોઇતું ખાવાનું તથા ઓઢવા પહેરવાનું મળે કે જેથી તે નીતિને માર્ગે રહીને જીવતાં લગી સત્કર્મો કરે. આવો વિચાર કરતાં જે મહાન આરંભો થાય છે તે નકામા ગણવા જોઇએ. કારખાનાઓ કાઢી ધનાઢ્ય થવાના રસ્તા લેવા તે પાપકર્મ જેવું થવા સંભવ છે. પૈસો પેદા કરનારા ઘણા મળે છે પણ રીતસર વાપરનારા થોડા છે. જે પૈસો પેદા કરવાથી પ્રજાનો નાશ થવો હોય તે પૈસો કામનો નથી. છતાં હાલ જે કરોડાપતિ છે તેઓ મોટી અને અનીતિવાળી લડાઇઓનું કારણ થઇ પડયા છે. આ જમાનાની ઘણી ખરી લડાઇઓનું કારણ પૈસાનો લોભ જોવામાં આવે છે.

માણુસો એમ કહેતાં જોવામાં આવે છે કે બીજાઓને સુધારવા, જ્ઞાન આપવું એ બનવા જેવું નથી; તેથી જેમ રહેવું ઘટે તેમ રહેવું. ને પૈસો એકઠો કરવો. આમ કહેનારા પોતે નીતિ સાચવતા નથી, કેમકે જે માણુસ નીતિ સાચવે છે, ને લોભમાં પડતો નથી તે પ્રથમ તો પોતાનું મન કાયમ રાખે છે. પોતે ખરા રસ્તામાંથી ચળતો નથી ને પોતાના કર્મથીજ બીજાની ઉપર અસર કરે છે. જેની પ્રજા બની છે તેઓ પોતે નીતિના નિયમો ન જાળવે ત્યાં સુધી પ્રજા કેમ નીતિ-વાન થાય? આપણે ગમે તેમ વર્તી આપણા પાડોશીની અનીતિને સારૂ તેની ભૂલ કાઢીયે એથી સારૂં પરિણામ કેમ આવે?

આવા વિચારો કરતાં આપણે જોઈ શકીએ છીએ કે પૈસો એ માત્ર સાધન છે. અને તે વડે સુખ તથા દુઃખ બન્ને મેળવાય છે. જો સારા માણુસના હાથમાં તે આવે તો તેથી ખેતરો ખેડાય છે, ને અનાજ પાકે છે. ખેડુતો નિર્દોષ મજુરી કરી સંતોષ પામે છે ને પ્રજા સુખી રહે છે. ખરાબ માણુસોના હાથમાં આવવાથી તેમાંથી (ધારો કે) દારૂગોળા બને છે, માણુસોનું સત્યાનાશ વાળે છે; દારૂ-ગોળા બનાવનારી પ્રજા અને જેની ઉપર તે વપરાય તે પ્રજા બન્ને હેરાન થાય છે.

એટલે આપણે જોઇ શકીએ છીએ, કે ખરા માણુસો એજ ખરી દોલત છે જે પ્રજામાં નીતિ છે તે પ્રજા દોલતવાન છે આ જમાનો મોજમજાનો નથી દરેક માણુસ પોતાથી બનતી મહેનત મજુરી કરવાના છે. આપણે આગળના દાખલાઓમાં જોઇ ગયા કે જ્યાં એક માણુસ આળસુ રહે છે ત્યાં બીજાને બેવડી મજુરી કરવી

પડે છે. હિન્દુસ્તાનમાં જે ભૂખમરો વરતે છે તેનું આજ કારણ છે. કેટલાક માણસોના હાથમાં પૈસો એકઠો થવાથી તેઓ ઉપયોગી કામ કરતા નથી. તેમ થવાથી તેઓને સારૂ બીજા માણસોને મજુરી કરવી પડે છે, આ મજુરી ઉપયોગી નહિ હોવાથી મજુરી કરનારને ફાયદો થતો નથી. તેમ થવાથી પ્રજાની મૂડીમાં ઘટાડો થાય છે; એટલે જો કે ઉપરથી એમ જણાય કે માણસોને કામ મળે છે. પણ અંદર તપાસતાં આપણને માલમ પડે છે કે ઘણા માણસોને નવરા બેસવું પડે છે. વળી અદેખાઈ પેદા થાય છે, અસંતોષનાં મૂળ નાખે છે, અને છેવટે પૈસાદાર અને ગરીબ,—શેઠ અને મજુર—બંને પોતાની હદ છોડે છે. જેમ બિલાડી ઉંદર વચ્ચે સદાય અણબનાવ રહે છે તેમ પૈસાદાર અને ગરીબ,—શેઠ અને મજુર—વચ્ચે વેર ભાવ થાય છે, અને માણસો માણસ મટી જાનવરની સ્થિતિએ પહોંચે છે.

સ્વરાજ્યનો સાચો માર્ગ

સારાંશ.

મહાન રસ્કીનના લખાણની મતલબ હવે અમે પૂરી કરી છે. આ લખાણ જો કે ઘણા વાંચનારને લુખું જણાશે છતાં જેઓએ તે વાંચ્યું છે તેઓને અમે ફરીથી વાંચવા ભલામણ કરીએ છીએ ' ઇ. ઓ. ' ના બધા વાંચનાર તેનો વિચાર કરી તે પ્રમાણે ચાલશે એવી આશા રાખવી એ વધારે પડતું ગણાશે; પણ બહુ જુજ વાંચનાર પણ જો તેનો અભ્યાસ કરી તેમાંથી સાર ખેંચશે, તો અમારી મહેનત ફળી સમજીશું. કદાચ તેવું ન બને તો પણ રસ્કીનના છેલ્લા

પ્રકરણ પ્રમાણે અમે અમારી ફરજ બજાવી ગયા તેમાંજ ફળનો સમાસ થયો એટલે અમારે સદાય સંતોષ પામવા જેવું છે.

રસ્કીને પોતાના બાઇઓ-અંગ્રેજો-ને સારૂં લખ્યું હે જે અંગ્રેજોને એક હિસ્સે લાગુ પડે છે તો હિંદીને હજાર હિસ્સે લાગુ પડે છે હિંદુસ્તાનમાં નવા વિચારો ફેલાઇ રહ્યા છે. આજકાલના પશ્ચિમની કેળવણી પામેલા જુવાનોમાં જુસ્સો આવ્યો છે એ તો ઠીક વાત છે; પણ જુસ્સાનો ઉપયોગ સારો થાય તો સારૂં પરિણામ આવે ને ખોટો થાય તો નબળું પરિણામ આવવુંજ જોઇએ. 'સ્વરાજ્ય' મેળવવું એવો અવાજ એક કોરથી આવે છે; વિલાયતનાં જેવાં કારખાના કહાડી ઝપાટાભેર પૈસો એકઠો કરવો એવો અવાજ બીજી તરફથી આવે છે.

સ્વરાજ્ય શું તે આપણે ભાગ્યેજ સમજતા હોઇશું. નાતાલને સ્વરાજ્ય છે, છતાં અમે કહીએ છીએ કે નાતાલના જેવું આપણે કરવા માગતા હોઇએ તો એ સ્વરાજ્ય નર્કરાજ્ય જેવું છે. તેઓ કાફરોને કચરે છે, હિંદીને હણે છે. સ્વાર્થમાં આંધળા થઇ સ્વાર્થ રાજ્ય ભોગવે છે. કદિ કાફરો અને હિંદી નાતાલમાંથી જાય તો તેઓ માંહોમાહે લડી સમાપ્ત થઇ જાય.

ત્યારે શું ટ્રાંસવાલના જેવું સ્વરાજ્ય મેળવીશું? જનરલ સ્મટ્સ તેઓના મુખીમાંના એક છે તે પોતાના લખેલા કે બોલેલા બોલ પાળતા નથી. કહે છે કંઇ, કરે છે કંઇ. અંગ્રેજો તેનાથી કાયર થઇ ગયા છે. પૈસો બચાવવાને બહાને અંગ્રેજ સિપાઇઓની ચાલુ રોજી ઉપર તેણે પગ મૂકયો છે ને તેની જગ્યાએ ડચને રાખે છે.

અમે માનતા નથી કે તેમાંથી છેવટે કંઇ પણ સુખી થાય. જેઓ સ્વાર્થની ઉપર નજર રાખે છે તે પારકી પ્રજાને લૂંટવા પછી પોતાની પ્રજાને લૂંટવા સહેજે તૈયાર થશે.

દુનિયાના બધા ભાગ ઉપર નજર કરતાં જોઈ શકીશું કે સ્વરાજ્યને નામે ઓળખાતું રાજ્ય પ્રજાની આબાદાની કે સુખને સારૂ બસ નથી. એક સહેલો દાખલો લઇને તે સહેજે જોઇ શકીશું. લૂટારૂઓની ટોળીમાં સ્વરાજ્ય હશે તો પરિણામ શું આવશે તે બધા જોઇ શકશે. તેઓની ઉપર તો કોઇ લૂંટારૂ નહિ હોય એવા માણસનો કાબુ હશે તોજ તેઓ છેવટે સુખી થશે. અમેરીકા, ફ્રાન્સ, ઈંગ્લાંડ એ બધાં મોટાં રાજ્યો છે. પણ તેઓ ખરાં સુખી છે એમ માનવાનું કારણ નથી.

'સ્વરાજ્ય' નો ખરો અર્થ એ છે કે પોતાની ઉપર કાબૂ રાખતાં આવડવું. આમ તો તેજ માણસ કરી શકે કે જે પોતે નીતિ જાળવે છે; છેતરતો નથી; પોતાનાં માબાપ, પોતાની સ્ત્રી પોતાનાં છોકરાં, પોતાના નોકર, પોતાના પાડોશી એ બધા તરફની ફરજ બજાવે છે. આ માણસ ગમે તે દેશમાં બેઠો સ્વરાજ્ય ભોગવે છે. જે પ્રજામાં એવા માણસો ઘણા હોય તેને સહેજે સ્વરાજ્ય છે.

એક પ્રજા બીજી ઉપર રાજ્ય ચલાવે તે સાધારણ રીતે ખોટું ગણાય. અંગ્રેજો આપણી ઉપર રાજ્ય કરે છે એ વિપરીત વાત છે. પણ અંગ્રેજો હિંદુસ્થાન છોડે તેથી હિંદીએ કમાણી કરી એમ માનવાનું કારણ નથી. તેઓ રાજ્ય કરે છે તેનું કારણ આપણેજ છીએ; તે કારણ આપણો કુસંપ, આપણી અનીતિ અને આપણું

અજ્ઞાન એ છે. આ ત્રણુ વસ્તુ દુર-થાય તો એક પાંખડી હલાવ્યા વિના અંગ્રેજો હિંદુસ્તાન છોડે; એટલુંજ નહિ, પણુ આપણે ખરૂં સ્વરાજ્ય ભોગવતા થઇએ.

'બોમ્બ' વછોડવાથી ધણા ખુશી થતા જોવામાં આવે છે. આ માત્ર અજ્ઞાન અને અણુસમજની નિશાની છે. બધા અંગ્રેજોને મારી શકાય તો જેઓ મારનારા છે તેઓ હિંદુસ્તાનના ધણી થાય. એટલે હિંદુસ્તાન તો રંડીરાંડ રહે. અંગ્રેજને મારનારા બોમ્બ, અંગ્રેજ ગયા પછી હિંદીની ઉપર પડશે. ફ્રાંસના પ્રજાસત્તાક રાજ્યના પ્રેસીડન્ટને મારનારો તે ફ્રેંચજ હતો. અમેરિકાના પ્રેસીડન્ટ ક્લીવલાંડને મારનાર અમેરીકન હતો. એટલે આપણુને લાજમ છે કે ઉતાવળમાં વગર વિચારે પશ્ચિમની પ્રજાની નકલ આંધળાપણે નથી કરવાની.

જેમ પાપકર્મથી—અંગ્રેજોને મારીને—ખરૂં સ્વરાજ્ય નહિ મેળવાય તેમજ હિંદુસ્તાનમાં કારખાનાં બોલવાથી પણુ સ્વરાજ્ય નથી મળવાનું. સોનું રૂપુ એકઠું થશે તેથી કંઇ રાજ્ય નથી મળવાનું. આ વાત રસ્કીને આબેહૂબ સાબીત કરી આપી છે. યાદ રાખવાનું છે કે પશ્ચિમના સુધારાને માત્ર સો વર્ષ થયાં છે. ખરૂં જોતાં પચાસ ગણાય. તો તેટલામાં તો પશ્ચિમની પ્રજા વર્ણસંકર જેવી જોવામાં આવે છે. યૂરોપની જે દશા છે તેવી હિંદુસ્તાનની કદી ન થજો એમ અમે માગીએ છીએ. યૂરોપની પ્રજાઓ એક બીજાની ઉપર ટાંપીને બેઠી છે. માત્ર પોતાના દારૂગોળાની તૈયારીથીજ બધા ચુપચુપ છે. કોઇ વેળા જબરદસ્ત ભડકો થશે ત્યારે યુરોપમાં દોઝખ નજરે દેખાશે. યુરોપનાં દરેક રાજ્યો કાળા માણસોને પોતાનો

ભક્ષ ગણી બેસે છે. માત્ર પૈસાનોજ લોભ છે ત્યાં બીજું થવાનો સંભવ હોય નહિ. તેમને એક પણ મુલક જોવામાં આવે તો, કાગડા જેમ માંસ ઉપર કુદી પડે છે, તેમ તેઓ કાગડાની માફક તે મુલક ઉપર કૂદી પડે છે. આવું તેઓનાં કારખાનાંને લીધે છે એમ માનવાનાં કારણ છે.

છેવટમાં હિંદુસ્તાનને સ્વરાજ્ય મળો એ બધા હિંદીનો અવાજ છે, ને તે ખરો છે, પણ તે નીતિને રસ્તે મેળવવાનું છે. તે ખરૂં સ્વરાજ્ય હોવું જોઇએ. અને તે નાશ કરનારા ઇલાજોથી કે કારખાનાંઓ કરવાથી નહિ મળે. ઉદ્યમ જોઇએ, પણ તે ઉદ્યમ ખરે રસ્તે જોઇએ. હિંદુસ્તાનની ભૂમિ તે એક વેળા સુવર્ણભૂમિ ગણાતી. કેમકે હિંદી લોકો સુવર્ણરૂપે હતા. ભૂમિ તો તેની તેજ છે, પણ માણુસો ફર્યા છે. એટલે તે ભૂમિ વેરાન જેવી થઇ ગઇ છે. તેને પાછી સુવર્ણ બનાવવાને આપણો સદ્‌ગુણો વડે સુવર્ણરૂપે થવાનું છે તેની પારસમણિ બે અક્ષરમાં સમાએલી છે અને તે 'સત્ય' છે. માટે જો દરેક હિંદી 'સત્ય' નોજ આગ્રહ રાખશે તો હિંદુસ્તાનને ઘેર બેઠાં સ્વરાજ્ય આવશે.

સમાપ્ત.

આ લખાણ છપાયા બાદ જાણે ભવિષ્યવાણી ન હોય તેમ મહાયુદ્ધ થયું અને તેના દોજખી પરિણામો અત્યારે દુનિયા ચાખી રહી છે; પણ એમાંયે પ્રભુનાજ શુભ હેતુનો કંઇક સંકેત હશે એમ માનવામાંજ આપણી આસ્તિકતા રહેલી છે.

વ્ય. ગાં. સા. મં.